**આજનો સુવિચાર**

કોઈ ચીજ સારી અથવા ખરાબ નથી, આપણા વિચાર જ તેને સારી કે ખરાબ બનાવે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૧ જૂનાગઢ તા.૨૪-૧૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 11, Junagadh : Date : 24 December, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ગુજરાતમાં વિજળી સસ્તી થશે : ફ્યુઅલ સરચાર્જમાં યુનિટદીઠ ૪૦ પૈસાનો ઘટાડો કરાયો

ગાંધીનગર તા.૨૪

'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓકટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે તેમ, આજે ઊર્જા મંત્રી કનુ દેસાઈએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરી ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલા વીજ વપરાશ ઉપર આશરે રૂ.૧૧૨૦ કરોડનો લાભ થશે.

ઊર્જા મંત્રીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલા ફ્યુઅલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળા દરમિયાન વીજ બળતણના ભાવોમાં થયેલા ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવતી હતી. ઓકટોબર-૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિયાન પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટના દરે ફ્યુઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવે છે.

રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓએ ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફ્યુઅલ સરચાર્જનો દર જાળવી રાખ્યો છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ, રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોના વિશાળ હિતમાં ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જે મુજબ તા. ૧/૧૦/૨૦૨૪થી પ્રવર્તમાન ત્રિમાસિક સમય ગાળા દરમિયાન કરેલા વીજ વપરાશ ઉપર ગ્રાહકોને પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો લાભ થશે.

## આગામી કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરી શનિવારે રજુ થશે : શેરબજાર ખુલ્લુ રહેશે

નવી દિલ્હી તા.૨૪ :

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સામાન્ય બજેટ રજૂ કરશે. ૧ ફેબ્રુઆરીએ શનિવાર હોવા છતાં, બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ખુલ્લા રહેશે. સામાન્ય રીતે શનિવાર અને રવિવારે શેરબજાર બંધ રહે છે. પરંતુ તે ખાસ સંજોગોમાં ખોલવામાં આવે છે.ને રવિવારે પણ શેરબજાર બંધ રહે છે. પરંતુ તે ખાસ સંજોગોમાં ખોલવામાં આવે છે. ૨૦૨૫-૨૬ માટે કેન્દ્રીય બજેટની રજૂ થવાનું હોય માટે શનિવાર, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શેરબજારો વેપાર માટે ખુલ્લા રહેશે. બંને શેરબજારમાં ટ્રેડિંગ સામાન્ય કામકાજના દિવસોની જેમ સવારે ૯.૧૫ થી બપોરે ૩.૩૦ વાગ્યા સુધી રહેશે. આ પહેલા, ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ શનિવાર હોવા છતાં શેરબજારો બજેટના દિવસોમાં ટ્રેડિંગ માટે ખુલ્લા હતા. ૨૦૦૧ના વર્ષમાં બજેટને સાંજે ૫ વાગ્યાને બદલે સવારે ૧૧ વાગ્યે કરવામાં આવ્યો ત્યારથી શેરબજાર હંમેશા સામાન્ય સમય દરમિયાન ખુલ્લું રહે છે. વર્ષ ૧૯૯૯ સુધી બજેટ સાંજે ૫ વાગ્યે રજૂ થતું હતું. આ પરંપરા બ્રિટિશ સરકારના સમયથી ચાલી રહી હતી, કારણ કે તેના દ્વારા લંડન અને ભારતમાં એક સાથે જાહેરાત કરી શકાતી હતી. ભારત બ્રિટન કરતાં ૫ કલાક ૩૦ મિનિટ આગળ છે, તેથી ભારતમાં સાંજે ૫ વાગ્યાનો સમય સવારે ૧૧:૩૦ના બરાબર હતો.

## જીવન વિમા કંપનીઓ પાસે રૂા.૨૦ હજાર કરોડ દાવા વગરના પડયા છે

નવી દિલ્હી, તા.૨૪:

નાણાકીય વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં જીવન વીમા કંપનીઓ પાસે રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ દાવા વગરની રકમ પડી છે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) ની વિવિધ પહેલોને કારણે, દાવા વગરની રકમ ૨૦૨૪ ના અંતે રૂ. ૨૨,૨૩૭ કરોડથી નજીવી રીતે ઘટીને ૨૦,૦૬૨ કરોડ થઈ ગઈ છે. IRDA એ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટેના તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, દાવા વગરની રકમ ઘટાડવા માટે, ગ્રાહકોને રિફંડ આપવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા અને વીમા કંપનીઓ સાથે વધતી જતી દાવા વગરની રકમને ઘટાડવા માટે, જૂન ૨૦૨૩ થી નવેમ્બર ૨૦૨૩ દરમિયાન. છ મહિના સુધીનો સમયગાળો ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, જીવન વીમા કંપનીઓ પાસે પડેલી દાવા વગરની રકમની પતાવટની પ્રગતિનું માસિક ધોરણે નિરીક્ષણ કરવામાં આવી રહયું હતું.

# ઉત્તરાખંડ, હિમાચલમાં ભારે હિમવર્ષા : મનાલીમાં ૧૦૦૦ વાહનો ફસાયા : દેશભરમાં કાતીલ શીતલહેર



## વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના કારણે આગામી ત્રણ દિવસ તિવ્ર ઠંડી પડશે : બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાતા માવઠાની શકયતા

હિમાલયન ક્ષેત્રમાં એક પછી એક વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યા છે એટલે ચાલુ સપ્તાહમાં હવામાનનો


નવી દિલ્હી,તા.૨૪

દેશમાં શિયાળાની ઠંડીના સપાટા વચ્ચે ચાલુ સપ્તાહમાં હવામાન પલટો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અનેક ભાગોમાં હિમવર્ષા થશે.જયારે કેટલાંક ભાગોમાં કરા વરસશે દક્ષિણ ભારતમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.હવામાન વિભાગે રીપોર્ટમાં કહ્યું છે કે, બંગાળની ખાડીમાં લો-પ્રેસર સર્જાયુ છે. ઉપરાંત મિજાજ બદલાશે. વેસ્ટર્ન ડીસ્ટબન્સ ના પ્રભાવ હેઠળ પશ્ચિમી હિમાલયન ક્ષેત્રમાં હિમવર્ષા થશે અને વરસાદ પડશે. ૨૦ અને ૨૮ મીએ હિમવર્ષા તથા વરસાદની માત્રા વધશે. ઉતર-પશ્ચિમ ભારત તથા તેને લાગુ મધ્ય ભારતનાં અનેક ભાગોમાં પણ ૨૭મીએ વરસાદ સાથે તેજ પવન ફુંકાવાની સંભાવના છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમી ઉતરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર તથા મરાઠાવાડામાં તેજ પવન સાથે કરાતો વરસાદ થવાની સંભાવના છે. હિમાચલ પ્રદેશનાં કેટલાંક ભાગોમાં ભીષણ કોલ્ડવેવની ચેતવણી આપવામાં આવી છે.જમ્મુ-કાશ્મીર લડાખ, ગિલગીળ, બાલ્ટીસ્તાન, મુઝફરાબાદમાં તા.૨૬ સુધી પંજાબ, હરીયાણા, ચંદીગઢમાં તા.૨૫ સુધી શીત લહેરનું એલર્ટ અપાયું છે. દેશના ત્રણ રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ રહી છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગોસહિત ૩૦ રસ્તાઓ બંધ થઈ ગયા છે. સિમલામાં સિઝનની બીજી હિમવર્ષા થઈ, જેના કારણે રસ્તાઓ પર ૩ ઈંચ બરફ પડ્યો છે. જેના કારણે સોલંગનાલાથી અટલ ટનલ રોહતાંગ પરત ફરી રહેલા પ્રવાસીઓના વાહનો રોડ પર લપસવા લાગ્યા હતા. મોડી રાત્રી સુધી, દક્ષિણ પોર્ટલથી અટલ ટનલના ઉત્તર પોર્ટલ સુધી ૧૦૦૦થી વધુ વાહનો બરફમાં ફસાયા હતા. પોલીસે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી વાહનોને બહાર કાઢ્યા હતા.

### સ્વિગીના વાર્ષિક અહેવાલમાં બહાર આવેલી રસપ્રદ વિગતો

# દેશમાં બિરયાની સૌથી વધુ ઓર્ડર કરવામાં આવતી વાનગી : દર મિનિટે ૧૫૮ ઓર્ડર

નવી દિલ્હી, તા.૨૪:



સ્વિગીએ તેનો ૯મો વાર્ષિક ફૂડ ટ્રેન્ડ રિપોર્ટ 'હાઉ ઈન્ડિયા સ્વિગી' જાહેર કર્યો છે. આ રિપોર્ટ જણાવે છે કે ૨૦૨૪માં ભારતમાં ખાણી-પીણીનો ટ્રેન્ડ કેવો રહ્યો છે. રિપોર્ટ અનુસાર, બિરયાની સતત નવમા વર્ષે સૌથી વધુ ઓર્ડર કરાયેલી વાનગી હતી. ડિલિવરી ભાગીદારોએ અબજો કિલોમીટરની મુસાફરી કરી અને લાખો ઓર્ડર પૂરા કર્યા. આ રિપોર્ટમાં ઘણી રસપ્રદ માહિતી સામે આવી છે. જેમ કે કોણે સૌથી વધુ ખર્ચ કર્યો અને કયા સમયમાં સૌથી ઝડપી ડિલિવરી હતી.

સવિગીનો રિપોર્ટ દર્શાવે છે કે આ વર્ષે ૮.૩ કરોડ બિરયાનીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. એટલે કે દર મિનિટે ૧૫૮ બિરયાનીના ઓર્ડર અને દર સેકન્ડે લગભગ ૨ બિરયાનીના ઓર્ડર હતા. બિરયાની પછી આવે છે ઢોસા . તેને ૨.૩ કરોડ ઓર્ડર મળ્યા હતા. બેંગલુરુના એક ગ્રાહકે પાસ્તા પાછળ ૪૯,૯૦૦ રૂપિયા ખર્ચ્યા. તેણીએ લગભગ ૫૫ આલ્ફેડોઝ, ૪૦ મેક અને ચીઝ અને ૩૦ સ્પાઘેટ્ટી પ્લેટોનો ઓર્ડર આપ્યો. ડિનર ઓર્ડર કુલ ૨૧.૫ કરોડ હતા, જે લંચ ઓર્ડર કરતા ૨૯ ટકા વધુ છે.

સ્વિગીની નવી ઝડપી ડિલિવરી સેવા 'બોલ્ટે'એ પણ અજાયબીઓ કરી. ચોકોચિપ્સ, સ્ટ્રોબેરી અને રોસ્ટેડ બદામ આઈસ્ક્રીમ માત્ર ૩ મિનિટમાં બિકાનેરમાં એક ગ્રાહકને પહોંચાડવામાં આવ્યો હતો. બોલ્ટમાં સૌથી વધુ ઓર્ડર કરાયેલી મીઠાઈઓમાં રસમલાઈ અને સીતાફળ આઈસ્ક્રીમનો સમાવેશ થાય છે. શિલોંગમાં નૂડલ્સ મોમોસથી આગળ નીકળી ગયા. આ સૌથી વધુ ઓર્ડરવાળી વાનગી બની.

# ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરવા મામલે આજે અમદાવાદનો ખોખરા વિસ્તાર બંધ : પોલીસનો લોખંડી બંદોબસ્ત

અમદાવાદ તા.૨૪

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા સંસદમાં ડો. બાબાસાહેબ આંબેડકરને લઈને આપવામાં આવેલા નિવેદનને લઈને ચાલતા વિરોધ વચ્ચે ગઈકાલે અમદાવાદના ખોખરા વિસ્તારમાં કે. કા શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર આવેલી ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાને અસામાજીક તત્ત્વો દ્વારા ખંડિત કરવાની ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યાં હતા અને આરોપીઓની ધરપકડ કરવાની માગ સાથે ધરણા પર બેઠા હતાં.

ઘટનાના બીજા દિવસે પણ રહીશો પ્રતિમા પાસે ધરણા પર બેઠા છે. આજે ૨૪ ડિસેમ્બરને મંગળવારે ખોખરા બંધનું એલાન આપવામાં આવ્યું છે. જોકે, આ બંધના એલાનને કોઈ ખાસ પ્રતિસાદ મળ્યો નથી. હાલમાં સ્થળે પોલીસનો બંદોબસ્ત પણ જોવા મળી રહ્યો છે.

હાલમાં લોકો દ્વારા ખોખરા વિસ્તારમાં આવેલો રાધે મોલ બંધ કરાવવાયો છે. ૧૦૦ માણસોના ટોળા સાથે રાધે મોલની તમામ દુકાનો બંધ કરાવવામાં આવી છે. પોલીસે સાથે રહી અને દુકાનો બંધ કરાવડાવી છે. બંધને પ્રતિસાદ મળ્યો નહોતો, ત્યારે હવે સ્થાનિક રહીશો ઉગ્ર બની અને ૧૦૦ લોકોના ટોળા સાથે બંધ કરાવવા માટે નીકળ્યા હતા.

### સંઘ સુપ્રિમો ભાગવતના નિવેદન સામે સાધુ-સંતોએ ધોકો પછાડયો

# ભાગવત તેમની અનુકુળતા મુજબ બોલે છે : મતની જરૂર હતી તો મંદિર-મંદિર કરતા હતા : સ્વામી જીતેન્દ્ર સરસ્વતી

નવી દિલ્હી તા.૨૪ :

ઉતરપ્રદેશ સહિતના રાજયોમાં મસ્જીદોમાં મંદિરોના અવશેષો દાવાના સતત વધી રહેલા વિવાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે આ પ્રકારની નવી પરંપરા અસ્વીકાર્ય હોવા અને દરેક મસ્જીદમાં મંદિર નહી શોધવા આપેલી સલાહ હવે હિન્દુ સાધુ સંતોને પસંદ આવી નથી અને વિરોધમા સૂર ઉઠવાનું શરૂ થતા સંઘ સામે હવે કટ્ટરવાદીઓનો નવો વર્ગ ઉભો થઈ રહ્યો હોવાના સંકેત મળી રહ્યા છે.

મોહન ભાગવતે અત્યંત આકરા શબ્દોમાં કહ્યું હતું કે મંદિર-મસ્જીદ વિવાદ ઉભા કરીને કોઈ હિન્દુ નેતા બની શકે નહી. નવા નવા સ્થાનો પર નવા દાવા ઉભા કરવાની જરૂર નથી. હવે ભાગવતના આ વિધાનો સામે પ્રથમ મોરચો અખિલ ભારતીય સંત સમીતીના મહામંત્રી સ્વામી જીતેન્દ્ર સરસ્વતીએ ખોલ્યો છે અને ભાગવતને જવાબ આપતા કહ્યું કે, આ પ્રકારના મુદાઓ પર નિર્ણય આરએસએસ નહી પણ ધર્માચાર્યો પર છોડી દેવો જોઈએ. તેઓએ કટાક્ષમાં કહ્યું કે સંઘ એ સાંસ્કૃતિક સંગઠન છે તે ભૂમિકા રહેવી જોઈએ.

જયારે ધર્મની વાત આવે તો તેનો નિર્ણય ધર્મગુરૂમાં કરશે અને તેઓ જે નિર્ણય કરશે તે સંઘને તથા વિશ્વ હિન્દુ પરિષદ સ્વીકારશે. તેઓએ જણાવ્યું કે મોહન ભાગવતની લાંબા સમયથી આ સલાહ છતાં પણ વધુ એવા સ્થાનો શોધાયા છે જેમાં મંદિરના સ્થાને અન્ય ધર્મના સ્થાન બની ગયા છે અને ધાર્મિક સંગઠનોએ રાજકીય એજન્ડા નહી લોકોની સંવેદનશીલતાના આધારે કામ કરે છે.

આ પ્રથમ વખત બન્યુ છે કે મોહન ભાગવતને તેમના વિધાનોનો આ રીતે આકરો સામનો કરવો પડયો છે અને તે પણ સંઘ પ્રેરીત સંગઠનો દ્વારા જ હશે. આ મુદાઓ ઉઠાવાઈ રહ્યા છે. જગતગુરુ રામભદ્રાચાર્યએ પણ તેવોજ સૂર દર્શાવતા કહ્યું કે ધર્મના સંબંધ નિર્ણય છે. સંઘે તે મુદા આધ્યાત્મીક-ધાર્મિક ગુરૂઓ પર છોડવા જોઈએ.

વાસ્તવમાં આ એક નવો પ્રવાહ શરૂ થયો છે અને હિન્દુ સમુદાયમાં તેમની આસ્થા અને સંઘના પ્રભાવની ટકકર શરૂ થઈ છે. ઉતરપ્રદેશમાં કાશી, મથુરાના સ્થાનો ઉપરાંત સંબંધમાં જે રીતે નવા સ્થાનો પર સર્વે, ખોદાઈ અને હિન્દુ મંદિરોના અવશેષો મળ્યાના અહેવાલથી છેક રાજસ્થાનથી અજમેર દરગાહ સુધી હવે આ માંગણી થઈ છે.

# મોબાઈલ ઉપભોકતાઓ માટે ટ્રાયે ખુશખબર આપી : હવે રિચાર્જ માટે વધુ પૈસા દેવા નહીં પડે

### કોલિંગ અને એસએમએસ માટે સ્પેશ્યલ રિચાર્જ પ્લાન મળશે : ઈન્ટરનેટ સાથે રિચાર્જ પ્લાન ખરીદવાની જરૂર નથી

નવી દિલ્હી તા.૨૪:

દેશના કરોડો મોબાઈલ યુઝર્સ માટે સારા સમાચાર છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈનું કહેવું છે કે કંપનીઓએ વોઈસ અને એસએમએસ પેક અલગથી આપવા પડશે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ સોમવારે ટેરિફ નિયમોમાં સુધારો કર્યો હતો અને મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર્સને આદેશ આપ્યો હતો કે તેઓ ડેટાનો ઉપયોગ નહીં કરતા ગ્રાહકો માટે વોઈસ કોલ અને એસએમએસ માટે અલગ પ્લાન જારી કરે.આ સાથે, ગ્રાહકોને ફક્ત આવશ્યક સેવાઓ માટે ચૂકવણીનો વિકલ્પ મળશે. સાથે જ, STV એટલે કે સ્પેશિયલ ટેરિફ વાઉચરની મર્યાદા ૯૦ દિવસથી વધારીને ૩૬૫ દિવસ કરવામાં આવી છે. ટ્રાઈના નવા નિયમો અનુસાર, ૧૦ રૂપિયાનું ટોપ અપ વાઉચર હોવું જરૂરી છે. હાલમાં ટેલિકોમ કંપનીઓ તેમના ગ્રાહકોને કોમ્બો પેક આપે છે. ૨૯ સિમ કાર્ડનો ઉપયોગ કરનારાઓને આનો સૌથી વધુ ફાયદો થશે.

ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં લોકો હજુ પણ 2G સિમ કાર્ડનો ઉપયોગ કરી રહયા છે. મોબાઈલ ઓપરેટરો દ્વારા હાલમાં ઓફર કરવામાં આવતી મોટાભાગની વોઈસ અને એસએમએસ યોજનાઓ ઈન્ટરનેટ/ડેટાની કિંમતોને બંડલ કરે છે. જેના કારણે સામાન્ય વપરાશકારોને વધુ પૈસા ચૂકવવા પડે છે. ઘણા ફીચર ફોન વપરાશકર્તાઓ અને વળદ્ધ ગ્રાહકો અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી. તેમ છતાં તેમને ડેટા પેક લેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. ટ્રાઈએ આ પગલા સામે વાંધો ઉઠાવ્યો હતો.


**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦**

આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

**મો.૯૩૭૬૬૦ ૫૫૯૨**

**ધમાકા એક્ષચેન્જ ઓફર**

**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**

આ ઓફર ટુંક સમયમાં માટે જ છે




PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૯ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**

અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**

- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +

- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - લોહીમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

Virtual Hearing & Digital Access to Consumer Justice"ની થીમ સાથે સમગ્ર ભારતમાં ઉજવાશે

# ૨૪ ડિસેમ્બર : ગ્રાહકોને વિવિધ પ્રકારના શોષણ સામે સજાગ અસરકારક હકો-અધિકારો, સુરક્ષા પ્રદાન કરવાનો દિવસ એટલે "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" જાગો ગ્રાહક જાગો

**ગ્રાહક જાગૃતિ અન્વયે કટિબદ્ધ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે અનેકવિધ સચોટ પ્રયાસો : ગ્રાહકોના તકરારના બિનખર્ચાળ નિવારણ અને ઝડપી નિર્ણય માટે તે રાષ્ટ્રીય કમિશન, રાજ્ય કમિશન અને જિલ્લા કમિશનની ત્રિસ્તરીય રચના : હાલ ગુજરાત રાજ્યમાં ૩૮ જિલ્લા કમિશન કાર્યરત, ગુજરાત રાજ્ય ગ્રાહક હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ પણ કાર્યરત**



ગ્રાહકોને વિવિધ પ્રકારના શોષણ સામે સજાગ અસરકારક હકો-અધિકારો, સુરક્ષા પ્રદાન કરવાનો દિવસ એટલે "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" હાલનાં આધુનિક અને ટેકનોલોજીનાં યુગમાં દરેક તબક્કે નવીન ટેકનોલોજી અપનાવવી આવશ્યક બની છે ત્યારે આ વર્ષે "Virtual Hearing & Digital Access to Consumer Justice"ની થીમ સાથે સમગ્ર ભારતમાં ૨૪ ડિસેમ્બર "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર" દિવસ ઉજવાશે. આ દિવસે વિવિધ જગ્યાએ ગ્રાહક જાગૃતિ અંગેનાં સેમિનાર યોજીને ગ્રાહકોના અધિકારો અને જરૂરિયાતો અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. માણસ જન્મતા સાથે જ એક ગ્રાહક બની જાય છે. રોજ સવાર પડતાની સાથે આપણે આપણા જીવનોપયોગી માટેની વસ્તુઓની ખરીદી કરીએ છીએ, ત્યારે કેટલીક વખતે છેતરપિંડીનો ભોગ પણ બનીએ છીએ. આથી વિકસિત બજારોના નિર્માણમાં એક જાગૃત ગ્રાહકની ભૂમિકા ઘણી અગત્યની છે. ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ "જાગો ગ્રાહક જાગો" પણ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલના ભાગરૂપે સરકારે ગ્રાહકલક્ષી માહિતી અને શિક્ષણ માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક મીડિયામાં જાહેરાતો, ઓડિયો ઝુંબેશ અને વિડિયો ઝુંબેશ દ્વારા ગ્રાહક જાગૃતિ લાવવાના પ્રયાસો પણ હાથ ધર્યા છે. ૨૪ ડિસેમ્બર,૧૯૮૬ના રોજ "ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬"(**Consumer Protection Act**, ૧૯૮૬) બિલ પસાર થયું હતું. જેમાં વર્ષ ૧૯૮૭, વર્ષ ૧૯૯૧ અને વર્ષ ૧૯૯૩મા સુધારા બાદ ૧૫ માર્ચ, ૨૦૦૩ થી લાગુ કરવામાં આવ્યો. આ પછી ૦૫ માર્ચ, ૨૦૦૪ થી તેને સંપૂર્ણ રીતે સૂચિત કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ વર્ષ ૨૦૦૦ માં મનાવવામાં આવ્યો હતો. ગ્રાહક સુરક્ષા અધિનિયમનો ઉદ્દેશ ગ્રાહકોને વિવિધ પ્રકારના શોષણ જેવા કે ખામીયુક્ત માલ, સેવાઓમાં ઉણપ અને અયોગ્ય વેપાર વ્યવહાર સામે અસરકારક રીતે રક્ષણ પૂરું પાડવાનો છે. ગ્રાહક સુરક્ષા કાયદો ગ્રાહકોને તેમના અધિકારો આપવા માટે લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ હવે કોઈપણ ગ્રાહક અયોગ્ય વ્યાપારની ફરિયાદ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે પહેલાના સમયમાં વ્યાપારી લેવડ-દેવડમાં હેરાફેરી વધારે થતી હતી, જેને ધ્યાનમાં રાખીને આ કાયદો બનાવવામાં આવ્યો હતો. જરૂર પડ્યે ગ્રાહકો તેમને મળેલા આ અધિકારોનો લાભ ઉઠાવી શકે છે. ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ગ્રાહકોને સંરક્ષણનો અધિકાર, માહિતીનો અધિકાર, પસંદ કરવાનો અધિકાર, નિવારણનો અધિકાર, ગ્રાહક શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકારોનો ઉપયોગ કરીને ગ્રાહકો કોઈપણ સમસ્યાનું સમાધાન મેળવી શકે છે. દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ તળે ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં દિશા-નિર્દેશ હેઠળ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનાં વિભાગનાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનાં માર્ગદર્શન સાથે ગ્રાહક જાગૃતિ અન્વયે કટિબદ્ધ રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ સચોટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ - ૨૦૧૯ લોકહિત માટેનો સામાજીક કાયદો છે. તે ગ્રાહકોના હકનિયત કરે છે અને ગ્રાહકોના હકનાં રક્ષણ માટે પ્રોત્સાહન પૂરૂં પાડે છે. ગ્રાહકોની તકરારનું ઝડપી અને બિનખર્ચાળ નિવારણ પૂરૂં પાડવા દરેક જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અર્ધ-ન્યાયિક તંત્ર રચવામાં આવ્યાં છે. ગ્રાહકોના તકરારના ઝડપી નિર્ણય માટે તે રાષ્ટ્રીય કમિશન, રાજ્ય કમિશન અને જિલ્લા કમિશનની ત્રિસ્તરીય રચના પુરી પાડે છે. આ અધિનિયમ હેઠળ ૧૯૮૯ માં ગ્રાહક તકરાર નિવારણ કમિશન, ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી અને ત્યારબાદ જિલ્લા કમિશનોની રચના થઈ. હાલ ગુજરાત રાજ્યમાં ૩૮ જિલ્લા કમિશન કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં દિશા- નિર્દેશ હેઠળ ગુજરાત સરકાર ગ્રાહકોના અધિકારોની જાળવણી માટે પ્રતિબદ્ધ છે ત્યારે ગ્રાહકોના પડતર કેસોના નિરાકરણ માટે ખાસ ઝુંબેશના ભાગરૂપે ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા લોક અદાલતોનું પણ આયોજન કરવામાં આવે છે. સરકારનો હેતુ રાજ્ય અને જિલ્લા ગ્રાહક અદાલતોમાં લોક અદાલતને સંસ્થાકીય બનાવી ગ્રાહકના કેસોનો ઝડપી નિકાલ લાવવાનો છે. ગ્રાહક કમિશન દ્વારા પેન્ડીંગ કેસોની યાદી તૈયાર કરી લોક અદાલતમાં મોકલવામાં આવે છે. આ પહેલને અસરકારક બનાવવા માટે પેન્ડિંગ કેસની નોંધણી ઓનલાઈન પણ કરી શકે છે. ગ્રાહક તરીકે આપણી પણ ફરજ છે કે, દરેક ચીજ વસ્તુઓ ખરીદતી વખતે હંમેશા પાકું બિલ લેવાનો આગ્રહ રાખીએ. ગ્રાહકો કાયદા જાણે અને પોતાના અધિકારોથી વાકેફ બને, તે આવશ્યક છે. કારણ કે ગ્રાહકો જાગૃત્ત હશે તો જ તેઓ પોતાના રક્ષણ અર્થે આગળ આવી ફરિયાદ કરી શકશે સાથેસાથે 'જાગો ગ્રાહક જાગો'નું સૂત્ર સંપૂર્ણપણે સાર્થક બનશે. ગ્રાહકો ગુજરાત રાજ્ય ગ્રાહક હેલ્પલાઈનનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ નો પણ જરૂર જણાયે ઉપયોગ કરી શકે છે.

**જાણો, ગ્રાહક ફરિયાદ ક્યાં અને કેવી રીતે નોંધાવી શકે ?**

જો કોઈ વસ્તુ અથવા તેનું મૂલ્ય અને માંગવામાં આવેલ વળતર ૫૦ લાખ રૂપિયા કરતા ઓછું હોય તો ફરિયાદ જિલ્લા કમિશનમાં નોંધાવી શકાય તેમજ જ્યાં કામગીરી પૂરી અથવા આંશિક રીતે થઈ હોય અથવા જ્યાં પ્રતિવાદી રહેતો હોય અથવા જ્યાં વેપાર કરતો હોય કે તેની કોઈ શાખા હોય કે ગ્રાહક જ્યાં રહેતો હોય અથવા વ્યક્તિગત રીતે લાભ માટે કાર્ય કરતો હોય તે સંબંધિત જિલ્લા કમિશનમાં ફરિયાદ નોંધાવી શકાય. જો કોઈ વસ્તુ અથવા તેનું મૂલ્ય અને માંગવામાં આવેલ વળતર ૫૦ લાખ રૂપિયાથી વધુ અને ૨ કરોડ રૂપિયા સુધી હોય તો રાજ્ય કમિશનમાં ફરિયાદ નોંધાવી શકાય. જો કોઈ વસ્તુ અથવા તેનું મૂલ્ય અને માંગવામાં આવેલ વળતર ૨ કરોડ રૂપિયાથી વધુ હોય તો રાષ્ટ્રીય કમિશનમાં ફરિયાદ નોંધાવી શકાય.

**આલેખન : ભાવિકા લીંબાસીયા**

# તાલાલા ગીરના ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ માણતા રાજકોટના સાત વેપારીઓ ઝડપાયા

## પોલીસે દરોડો પાડી રીસોર્ટ માલીકની પણ ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૪

તાલાલા ગીર પંથકના ગ્રામ્યવિસ્તાર અને સીમ વિસ્તારોમાં આવેલા રિસોર્ટ ગુનાખોરીના કેન્દ્રો બની રહ્યા છે. મોટા ભાગે રિસોર્ટમાં નશાકારક પ્રવૃતિ અને આમ નાગરિકોને શરમ ઉપજે એવી પ્રવૃતિઓ ધમધમતી હોવાના કારણે પોલિસે લાલ આંખ કરી છે. અગાઉ એક રિસોર્ટમાં દરોડો પાડી ગોરખધંધા પકડી પાડ્યા બાદ આજે ફરી દરોડો પાડી તાલાલા ગીરના ગીર વ્યૂ ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલ માંડીને ઝુમી રહેલા રાજકોટના ભદ્ર સમાજના સાત વેપારીઓ અને એક અન્ય મળીને કુલ આઠને પકડી પાડ્યા છે. નજીકના દિવસોમાં ૨૫મી ડિસેમ્બર નાતાલ તહેવાર અને એ પછી થર્ટી ફર્સ્ટ તેમજ ન્યુયર આવી રહ્યા છે. આ સંજોગોમાં દુર દુરથી રિસોર્ટમાં અનેક લોકો આવે છે. કેટલાક રિસોર્ટમાં શરાબ પુરો પાડવામાં આવતો હોવાથી પોલીસ પણ સજાગ બની છે. ગત રાત્રીના ઉપરોકત રિસોર્ટમાં દરોડો પાડતા એ જગ્યાએથી કુલ આઠને પકડી પાડ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક જગ્યાએથી શરાબની બોટલ, ખાલી ગ્લાસ, ડીસ, સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં ૧. રાજેશ હિમતલાલ આડેસરા (ઉ.વ.૪૨) સોની વેપારી, રહે રાજકોટ, ૨. દીનેશ લક્ષ્મીચંદ ખીચડિયા, સોની વેપારી, (ઉવ.૫૧) રહે. રાજકોટ, ૩. પ્રિન્સભાઈ જીતેન્દ્રભાઈ રામપરિયા રહે.રાજકોટ, ૪. પરેશ મનસુખલાલ લાઠીગરા રહે. રાજકોટ સોની વેપારી, ૫. હિતેશ ભોગીલાલ ચોકસી ઉ.વ.૪૬ રહે.રાજકોટ મધુવન લક્ષ્મીવાડી શેરી નંબર-૭- ૧૩, સોની વેપારી, ૬. મહમદ હાજી નુરઈસ્લમ શેખ મુળ આગ્રા દાહા, બર્ધમાન પ.બંગાળ હાલ રાજકોટ, ૭. રાજ અતુલભાઈ દંગી (ઉવ.૨૧) કંસારા વેપારી, રહે.રાજકોટ, ૮. પરબત દેવશીભાઈ વાળા રહે.ઉકળીયા તા.વેરાવળ (રિસોર્ટ ફાર્મ સંચાલક)ની ધરપકડ કરી છે.

# દ્વારકામાં ૧૧૧માં નિઃશુલ્ક નેત્રયજ્ઞનું સોમવારના આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, દ્વારકાના ઉપક્રમે અને પૂજ્ય શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના તેમજ માતૃશ્રી મોંઘીબેન હ.વિ.ગો.મેચે. ટ્રસ્ટ દ્વારકાના સહયોગથી તારીખ ૩૦-૧૨-૨૦૨૪ને સોમવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી, સ્વામિનારાયણ માર્ગ, દ્વારકા ખાતે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આંખના દર્દોનું નિદાન કરી ટ્રીટમેન્ટ કરવામાં આવશે. મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને કેમ્પના દિવશે જ રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી દ્વારકા પરત લાવવામાં આવશે. દર્દીઓને લાવવા- લઈજવા, રહેવા- જમવાની સુવિધા પણ વિના મુલ્યે રાખેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. કેમ્પના દિવશે સવારે ૯ થી ૧૦:૩૦ વચ્ચે નામ નોંધાવવાનું રહેશે. કેમ્પ અંગેની વધુ માહિતી માટે અશ્વિનભાઈ સી. ગોકાણી (દ્વારકા) મો.૯૮૭૯૧ ૭૭૧૪૦, દિલીપભાઈ કોટેચા(મીઠાપુર) મો.૯૮૨૪૨ ૩૮૧૬૩, હસમુખભાઈ કાનાણી(સુરજકરાડી) મો.૮૧૨૮૫ ૯૫૯૯૬ ઉપર સંપર્ક કરવો. જાહેર જનતાને કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભેસાણ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે યુવા આગેવાન પ્રવીણભાઈ સોજીત્રાની નિમણુંક



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૪

ભેસાણ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે સાંકરોળા ગામના પૂર્વ સરપંચ પ્રવીણભાઈ સોજીત્રાની નિમણુંક કરવામાં આવી છે. જેને તાલુકાભરના આગેવાનો અને કાર્યકરોએ આવકારી, પાર્ટીના આ નિર્ણયને બિરદાવેલ છે. પ્રવીણભાઈ સોજીત્રાએ ગુજરાત યુનિવર્સિટી માંથી પોલિટિકલ સાયન્સમાં સ્નાતકની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. આમ રાજકીય અભ્યાસ કરીને રાજકારણમાં પ્રવેશ કરનાર આ અગ્રણી ૧૯ વર્ષની નાની ઉંમરમાં સાકરોળા ગામના સરપંચ બન્યા હતા. ત્યારબાદ ભેસાણ તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ તેમજ પ્રમુખ અને ભેસાણ તાલુકા ભાજપના મહામંત્રી સહિતની વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી હતી. જેને ધ્યાને લઈને ભારતીય જનતા પાર્ટી ના શિર્ષ નેતૃત્વ દ્વારા તેમને તાલુકા ભાજપ પ્રમુખ તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ બાબતે પ્રવીણભાઈ સોજીત્રાએ જણાવ્યું હતું કે પાર્ટી એ મારા ઉપર વિશ્વાસ મૂકીને મને જે જવાબદારી સોંપવામાં આવી છે, તે હું નિષ્ઠાપૂર્વક નિભાવીશ. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે પ્રક્રિયાના ભાગરૂપે મને પ્રમુખ બનાવવામાં આવેલ છે, પરંતુ તાલુકાના દરેક કાર્યકરો મારા માટે પ્રમુખ જ છે, અમે સૌ સાથે મળીને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પ્રયત્ન કરીશું.

# એચડીએફસી બેંકએ ગિફ્ટ સિટીમાંથી પહેલી ગોલ્ડ ફોરવર્ડ ડીલ કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંક ગિફ્ટ સિટીમાંથી ગોલ્ડ ફોરવર્ડ ડીલ હાથ ધરનારી પ્રથમ ઘરેલું બેંક બની ગઈ છે. વૈશ્વિક રીફાઈનર અને ઉચ્ચ શુદ્ધતા ધરાવતા ધાતુના ઉત્પાદનોની ઉત્પાદનકર્તા અને ઔદ્યોગિક સેવાઓ પૂરી પાડનાર હિંદુસ્તાન પ્લેટિનમ પ્રા. લિ.ના સહયોગમાં એચડીએફસી બેંક ગિફ્ટ સિટી આઈબીયુ દ્વારા આ ડીલ કરવામાં આવી હતી. નિયામકોએ ગોલ્ડ પ્રાઈસ એક્સપોઝર ધરાવતી ઑનશોર એન્ટિટીઓને ગિફ્ટ સિટી મારફતે તેમના જોખમોને સુરક્ષિત રાખવા માટે સક્ષમ બનાવી છે. એચડીએફસી બેંક ગિફ્ટ સિટીની બુલિયન ઈકોસિસ્ટમના વિકાસનો હિસ્સો બનવા માટે કટિબદ્ધ છે. ગિફ્ટ સિટીમાં આવેલી બેંકની આઈબીયુ ઈન્ડિયન ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (આઈઆઈબીએક્સ)ના ટ્રેડિંગ અને ક્લીયરિંગ મેમ્બર તરીકે કામ કરે છે. આ પ્રસંગે વાત કરતાં એચડીએફસી બેંકના ટ્રેઝરીના ગ્રૂપ હેડ શ્રી અરુપ રક્ષિતએ જણાવ્યું હતું કે, 'અમે ગિફ્ટ સિટીમાંથી પહેલી ગોલ્ડ ફોરવર્ડ ડીલને સફળતાપૂર્વક હાથ ધરવાની જાહેરાત કરીને ખૂબ જ ખુશ છીએ. આ સિદ્ધિ નવીન અને કાર્યક્ષમ નાણાકીય ઉપાયો પૂરાં પાડવા ગિફ્ટ સિટી દ્વારા પૂરી પાડવામાં આવતી તકોનો લાભ લેવા માટેની અમારી કટિબદ્ધતાને દર્શાવે છે. એચડીએફસી બેંક જેમ્સ અને જ્વેલરી સેક્ટર તેમજ વિવિધ ઔદ્યોગિક સેક્ટરોને તેમના જોખમોને કાર્યક્ષમ રીતે મેનેજ કરવા ખાસ તેમના માટે તૈયાર કરવામાં આવેલા હેજિંગના સોલ્યુશનો પૂરાં પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.' નોમિનેટ થયેલી એજન્સી એચડીએફસી બેંક આઈઆઈબીએક્સ પર સ્પેશિયલ કેટેગરી ક્લાયેન્ટ બનવાની દિશામાં અગ્રેસર છે અને તે હવે ગિફ્ટ સિટીમાંથી ગોલ્ડ અને સિલ્વર ફોરવર્ડ્સની સેવા પૂરી પાડી રહી છે.

# ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં તા.૩૧ જાન્યુઆરી સુધીમાં પ્રવેશ મેળવી શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૪

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના જાન્યુઆરી ૨૦૨૫ ના સત્રમાં ઓનલાઈન એડમિશન પ્રક્રિયાનો આરંભ થયો છે. તાજેતરમાં ઈગ્નૂએ એનઆઈઆરએફ રેંકિંગમાં ઓપન યુનિવર્સિટી કેટેગરીમાં નં.૧ નું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રાજકોટ ક્ષેત્રીય નિદેશક ડો. જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે, સર્ટિફિકેટ, પી.જી. ડિપ્લોમા, ડિપ્લોમા, સ્નાતક અને માસ્ટર ડિગ્રીના તમામ કાર્યક્રમોમાં ઓનલાઈન એડમિશન તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી લઈ શકાશે.

શૈક્ષણિક કાર્યક્રમો અંગેની તમામ વિગત (પ્રવેશ લાયકાત, ફી, કોર્સેસ, અભ્યાસ પદ્ધતિ, અભ્યાસ માટે અપાતી સવલતો વગેરે અને એડમિશન માટેની લિંક સમર્થ પોર્ટલ https://ignouadmission.samarth.edu.in/ તેમજ વેબસાઈટ www.ignou.ac.in ઉપર ઉપલબ્ધ છે. ઈગ્નૂના કાર્યક્રમો યુજીસી અને અન્ય સંબંધિત પરિષદ દ્વારા માન્યતા પ્રાપ્ત છે. એસસી/એસટીના વિદ્યાર્થીઓ માટે ફી માફીની યોજના છે તેમજ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ શિષ્યવૃત્તિ યોજનાનો સંબંધિત વિદ્યાર્થીઓ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ દ્વારા લાભ લઈ શકે છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં વસતા પ્રવેશ ઈચ્છુકો વધુ માહિતી માટે ઈગ્નૂ ક્ષેત્રીય કેન્દ્ર રાજકોટ કણકોટ મુખ્ય માર્ગની મુલાકાત લઈ શકે છે. મો. નંબર ૯૪૨૬૬૦૦૬૭૧ ઉપર સંપર્ક કરી શકે છે અથવા rcrajkot@ignou.ac.in ઉપર ઈ-મેલ કરી શકે છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી હોય તે વિદ્યાર્થીઓ રીજીઓનલ સેન્ટર રાજકોટની મદદ લઈ શકે છે.

# ગુજરાતની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પોલિસી'નો ચુસ્ત પણે પાલન : રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

## શાળામાં ભણતા ધો. ૫ અને ધો.૮માં વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ ગણાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૪

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 'નો ડિટેન્શન પોલિસી'નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, પરંતુ ગુજરાતની તમામ શાળાઓમાં ચૂસ્ત પણે પાલન થઈ રહ્યો છે. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ધોરણ ૫ અને ધોરણ ૮ માં કોઈ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% કરતા ઓછું પરિણામ મેળવે તો તેને વર્ગ બઢતી રોકવાની જોગવાઈ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. પરંતુ કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦, વર્ષ-૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨ માં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષ - ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ અને ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં અસફળ થશે તો તેમણે નાપાસ જાહેર કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, ધો. ૦૫ અને ધો.૦૮ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ થશે, સાથોસાથ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે, પરંતુ જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં લાગુ આ વર્ષથી ચાલુ થઈ ગયો છે. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અન્વયે આ નિર્ણયના અમલીકરણથી વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં સુધારો તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાની તક મળશે, જેથી વિદ્યાર્થીઓનો ભવિષ્ય ઊજળું બનશે તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

# ખેલ મહાકુંભ ૩.૦ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૫મી ડિસેમ્બર

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૪

ખેલમહાકુંભ ૩.૦ના ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે પોર્ટલ તારીખ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ની સાંજે ૬-૦૦ કલાક સુધી જ ખુલ્લું રહેશે. આથી શાળા, કોલેજ, યુનિવર્સિટી તેમજ અન્ય ખેલાડીઓએ **khelmahakumbh.gujarat.gov.in** સાઈટ ઉપર તા.૨૫મીએ સાંજ પહેલાં રજિસ્ટ્રેશન કરી લેવું. રજિસ્ટ્રેશનની મુદતમાં વધારો નહીં કરાય તેમ, જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જાહેર વિતરણની કામગીરીમાં બેદરકારી દાખવતા ઈજારેદારને ૧૮ લાખનો દંડ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૪

રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૩ થી ૨૫ દરમ્યાન આવશ્યક ચીજ વસ્તુઓ અંતર્ગત ખરીદવામાં આવતી તમામ એજન્સીઓ (મગફળી સિવાય)ના પરિવહનની કામગીરીનો ઈજારો શ્રી શક્તિ સેલ્સ એજન્સી, રાજકોટને આપવામાં આવેલ હતો. જે મુજબ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ખાતેથી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી ફાળવણી મુજબ ઘઉં તેમજ ચોખાનો જથ્થો સમયસર ઉપાડી રાજકોટ જિલ્લાના તમામ ગોડાઉન ખાતે તેને પહોંચતો કરવાની કામગીરી આ એજન્સી દ્વારા કરવામાં આવતી હોય છે, પરંતુ એજન્સી દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૪ની ફાળવણી મુજબનો ઘઉં તેમજ ચોખાનો જથ્થો મુદત પ્રમાણે ઉપાડ કરવામાં આવ્યો ન હતો તેથી ઘઉં-ચોખાનો કુલ રૂા.૧૮,૨૫, ૭૮૮.૫૨/- નિષ્ફળ ગયો હતો. પરિવહન ઈજારેદાર દ્વારા કરવામાં આવેલી બેદરકારી અને નિષ્કાળજીને લીધે જાહેર વિતરણની કામગીરીમાં વિલંબ થયો હોય તેમજ સરકારશ્રી પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચી હતી. એજન્સી દ્વારા ટેન્ડર અને કરારખતની શરતનો ભંગ થતાં જથ્થો નિયત મુદતમાં ઉપાડવામાં ન આવે તો જથ્થાની રોકાઈ રહેલ રકમ ઉપર જથ્થાનું ચૂકવણું કર્યા તારીખથી જથ્થાની રકમ પરત મળ્યા તારીખ સુધીનું ૧૮ ટકા મુજબનું વ્યાજ અને લેપ્સ થઈ ગયેલા જથ્થા માટે ૧૦૦૦ રૂપિયા પ્રતિ મેટ્રિક ટનનો દંડ વસૂલવામાં આવે છે. આ શરત મુજબ શક્તિ સેલ્સ એજન્સીને જિલ્લા પુરવઠા અધિકારી રાજકોટ દ્વારા ૧૮ લાખ ૨૫ હજાર ૭૮૮.૫૨નો દંડ કરવામાં આવ્યો છે.

# સનાતન સમાજમાં વ્યસનમુકિત માટે રાજસ્થાનના ભાવિક દ્વારા ૧૩૫૧ કીમીની દ્વારકા યાત્રાધામની દંડવત યાત્રા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૪

રાજસ્થાનના બિકાનેરથી સાહીરામ નામના સનાતનધર્મીએ ૧૧ માસ સુધી સતત યાત્રાધામ દ્વારકાની ૧૩૫૧ કિમીની યાત્રા પૂર્ણ કરી આજે દ્વારકા યાત્રાધામ ખાતે પધાર્યા છે. સનાતન સમાજમાં સુખશાંતિ સાથે વ્યસનમુકિત આવે તે માટે તેમણે કઠિન દંડવત યાત્રા કરી છે. રાજસ્થાનના બિકાનેર જિલ્લાના લાલેરા ધામના સાહીરામ નામના ભાવિક દ્વારા ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ દ્વારકા યાત્રાધામની દંડવત યાત્રા શરૂ કરી આશરે ૧૩૦૦ કિમી જેટલો પ્રવાસ દંડવત યાત્રા કર્યા બાદ છેલ્લાં ૫૧ કિમીનો પ્રવાસ વધુ કઠિન બનાવી પેટે પલાણ કરી એટલે કે પેટથી ઘસડાઈને પૂર્ણ કરી આજરોજ યાત્રાધામ દ્વારકા ખાતે પહોંચ્યા છે. આજરોજ યાત્રાધામ દ્વારકા ખાતે પહોંચી ઠાકોરજીના દર્શન કરી હિન્દુ સનાતન ધર્મમાં દારૂ નામના વ્યાપેલા દુષણથી મુકિત મળે અને સમાજ સનાતન ધર્મના રીત-ભાત સમજી તેનું ચુસ્તતાપૂર્વક પાલન કરે તેમજ દરેક સમાજના ઘરોમાં સુખ-શાંતિ રહે તે માટે ઠાકોરજીને પ્રાર્થના કરી છે.

# જૂનાગઢની ખીરની મસ્જીદ અને લેન મસ્જીદમાં જશ્ને સીદીકે અકબર યોજાશે

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેરની લેન મસ્જીદમાં આજે ઈશાની નમાઝ બાદ જશ્નો ઉર્ષે સીદીકે અકબર યોજાશે. ઈશાની નમાઝ બાદ તુરંત કાર્યક્રમ શરૂ થશે જેમાં યાકુબ સીદ્દીકી નકશબંદી પ્રવચન કરશે. જ્યારે શહેરના દાણાપીઠ ખાતે આવેલ ખીરની મસ્જીદ ખાતે પણ ઈશાની નમાઝ બાદ જશ્ને સીદીકે અકબરનું આયોજન કરવામાં આવ્યું છે. આ બન્ને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલનું જન આરોગ્ય, પર્યાવરણ અને પ્રકૃતિ માટે હિતકારી પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરક આહવાન

## વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે કૃષિ ક્ષેત્રનું યોગદાન મહત્વનું બની રહેશે, ખેડૂતોની સમૃદ્ધિ થકી જ દેશ સમૃદ્ધ બનશે : કૃષિ મંત્રી






### પ્રાકૃતિક ખેતી, ખેત ઉપજનું મૂલ્યવર્ધન, ડ્રોન ટેકનોલોજી અને ટકાઉ ખેતી- ઓછા ખર્ચે વધુ ઉપજ મેળવવા માટે તજજ્ઞો દ્વારા ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન

જૂનાગઢ, તા.૨૪

કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે કિસાન દિવસ નિમિત્તે આયોજિત કિસાન કુંભ-૨૦૨૪માં સંબોધિત કરતા રાજ્યના કૃષિ અને પશુપાલન તથા જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ખેડૂતોને જન આરોગ્ય, પર્યાવરણ અને પ્રકૃતિ માટે હિતકારી પ્રાકૃતિક કૃષિ અપનાવા માટે આહવાન કર્યું હતું. આ સાથે તેમણે ખેડૂતોને કૃષિ ઉત્પાદનોનું મૂલ્ય વર્ધન અને કૃષિ ક્ષેત્રની નવીન ટેકનોલોજી અપનાવવા માટે પણ અનુરોધ કર્યો હતો.

અગ્રગણ્ય દૈનિક ફુલછાબ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા દેશના પૂર્વ વડાપ્રધાન અને ખેડૂત નેતા શ્રી ચૌધરી ચરણસિંહની જન્મ જયંતીએ ઉજવાતા કિસાન દિવસ નિમિત્તે આયોજિત આ કૃષિ કિસાન કુંભ - ૨૦૨૪નો શુભારંભ કરાવતા પ્રગતિશીલ ખેડૂતોને કૃષિ મંત્રીએ સંબોધિત કર્યા હતા.

આ પ્રસંગે તેમણે કિસાન નેતા ચૌધરી ચરણસિંહનું પુણ્ય સ્મરણ કરતા જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી પ્રવર્તમાન સમયની તાતી જરૂરિયાત છે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગના લીધે જમીન બિન ઉપજાવ અને ફળદ્રુપતા ગુમાવી રહી છે. ઉપરાંત જન આરોગ્ય અને પર્યાવરણ માટે પણ રાસાયણિક ખેતી હાનિકારક બની રહી છે. તેનો ઉકેલ જણાવતા કૃષિ મંત્રીશ્રીએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની હિમાયત કરી હતી.

કૃષિ મંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે તમામ પ્રયત્નો સાથે આવશ્યક પગલાં પણ લઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે કૃષિ ક્ષેત્રનું મહત્વનું યોગદાન બની રહેશે અને ખેડૂતોની સમૃદ્ધિ થકી જ દેશ સમૃદ્ધ બનશે.

કૃષિ મંત્રીએ ફુલછાબ દૈનિકની સમાજ અને ખેડૂત સજાગ કરવા માટેની ભૂમિકાની પ્રશંસા કરતા પ્રવર્તમાન સમયને ધ્યાને રાખી, ખેડૂત ઉપયોગી આ કિસાન કુંભ- ૨૦૨૪ના આયોજન માટે ફૂલછાબના CEO, તંત્રી, વ્યવસ્થાપકો, મેનેજરને અભિનંદન આપ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે, ફૂલછાબ દૈનિક સમાજની પડખે ઊભું રહી સતત લોકોને જાગૃત કરવાનું અવિરત કાર્ય કરી રહ્યું છે.

કૃષિ મંત્રીએ ખેડૂતોને એગ્રો પ્રોસેસિંગ પદ્ધતિ અપનાવી ખેત ઉત્પાદનોના મૂલ્ય વર્ધન કરી બજારમાં વેચાણ માટે પણ અનુરોધ કર્યો હતો. ઉપરાંત ખેતી કાર્યોમાં ડ્રોન ટેકનોલોજી સહિતની ઈજનેરી તકનીકોને અપનાવવાની હિમાયત કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીએ ખેતીમાં ટેકનોલોજીનો વ્યાપ વધે અને બહેનોનું પણ સશક્તિકરણ થાય તે માટે ડ્રોન દીદી યોજના અમલી બનાવી છે. બહેનોને આ માટે જરૂરી તાલીમ પણ આપવામાં આવી રહી છે, આજે જ્યારે ખેતીમાં શ્રમિકોની અછત વર્તાય છે ત્યારે ખેડૂતો માટે ડ્રોન ટેકનોલોજી નેનો યુરિયા સહિતના છંટકાવમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

આ પ્રસંગે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પણ ફુલછાબના પત્રકારત્વને બિરદાવતા કહ્યું કે, દેશ અને સમાજ માટે જરૂરી કાર્યો થકી ફૂલછાબ નાગરિક ધર્મ નિભાવવાનું કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખેતીથી વધતા જતા રોગોથી બચવા માટે પ્રાકૃતિક ખેતી જરૂરી છે અને ભાવિ પેઢીના નિર્માણ માટે પણ પ્રાકૃતિક ખેતી અપનાવવી આવશ્યક છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને નવીન ટેકનોલોજી અપનાવવાનો પણ અનુરોધ કર્યો હતો. આ સાથે ફૂલછાબ દૈનિક દ્વારા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા શરૂ થઈ હોવાનો સગૌરવ ઉલ્લેખ કર્યો હતો.


આ પ્રસંગે જન્મભૂમિ ગ્રુપ ઓફ ન્યૂઝ પેપરના મેનેજિંગ એડિટર અને સીઈઓ કુંદન વ્યાસ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળના સભ્ય ડો. થોભણ ઢોલરીયા, ફૂલછાબના જનરલ મેનેજર નરેન્દ્રભાઈ સીબા, મેનેજિંગ ટ્રસ્ટી સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હાર્દિકભાઈ મામણીયા એ પ્રાકૃતિક કૃષિ સહિતના મુદ્દાઓને આવરી લઈ પ્રસંગોચિત સંબોધન કર્યું હતું. ફૂલછાબ દૈનિકના તંત્રી જવલંત છાયાએ શાબ્દિક સ્વાગત કરવાની સાથે કિસાન કુંભ-૨૦૨૪ની રૂપરેખા આપી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ કૃષિ લક્ષી સ્ટોલની માન. મંત્રીએ મુલાકાત લઈ પ્રમાણપત્ર આપી સન્માનીત કર્યા હતા તેમજ પ્રગતિશીલ ખેડુતોનુ મોમેન્ટો અપર્ણ કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

આ કિસાન કુંભમાં ઉત્સાહ સાથે આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયેલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક ખેતી, ખેત ઉપજનું મૂલ્યવર્ધન, ડ્રોન ટેકનોલોજી અને ટકાઉ ખેતી- ઓછા ખર્ચે વધુ ઉપજ મેળવવા માટે તજજ્ઞો દ્વારા ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે કિસાન કુંભ-૨૦૨૪ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના એકઝીક્યુટીવ ડીરેક્ટર એગ્રો સેલ ચૈતન્ય શ્રોફ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. નરેન્દ્ર જાદવ, સંશોધન નિયામક ડો.આર.બી.માદરિયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે વિશ્વધ્યાન દિવસ અંતર્ગત હિમાલયીન સમર્પણ ધ્યાન યોગ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૪

ભારતની પહેલથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા તા.૨૯-૧૧-૨૦૨૪ના રોજ દરવર્ષે ૨૧મી ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસના રૂપમાં ઉજવવાનો પ્રસ્તાવ સ્વીકાર કરવામાં આવ્યો હતો. હાલનાં તાણ, સંઘર્ષ, અશાંતિ અને અવિશ્વાસભર્યા સમયમાં ધ્યાન એ વિશ્વશાંતિ માટે કૂટનીતિનું એક મજબૂત સાધન છે, તેની આજે ખૂબ આવશ્યકતા પણ છે. હજારો વર્ષોથી હિન્દુ, જૈન, શીખ, બૌદ્ધ, યહુદી અને ચીન જેવી વિભિન્ન પ્રાચીન સભ્યતામાં ધ્યાનનું સવિશેષ મહત્વ રહ્યું છે. ધ્યાન વ્યક્તિના મન-આત્મા-શારીરિક સ્વાસ્થ્ય તેમજ માનવકલ્યાણમાં સકારાત્મક ભૂમિકા ભજવે છે, તેથી વૈશ્વિક સ્તરે જીવનમાં ધ્યાનની મહત્વત્તા અંગે આત્મ જાગૃતત્તા કેળવાય તેવા શુભાશયથી ધ્યાન દિવસ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રથમ વિશ્વ ધ્યાન દિવસનો વિષય "આંતરિક શાંતિ-વૈશ્વિક સદ્‌ભાવ" રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને કૌશલ્ય આધારિત જ્ઞાનની સાથે સાથે તેજસ્વિતામાં વૃદ્ધિ થાય તેવા આશયથી માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર- જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૨૧-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ "પ્રથમ વિશ્વ ધ્યાન દિવસ અંતર્ગત હિમાલયીન સમર્પણ ધ્યાનયોગ કાર્યક્રમ" યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર, ગુજરાત યોગ બોર્ડ, શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશન અને ગુજરાત સમર્પણ આશ્રમની ધ્યાન શિબિરને ઓનલાઈન પ્રસારિત કરીને શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા દ્વારા વિદ્યાર્થિનીઓને ધ્યાન વિશે માહિતગાર કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો સુશ્રી પ્રકૃતિબેન શર્મા અને શ્રી જે.પી. બાલધા સાહેબે કર્યું હતું. આ તકે સુપરવાઈઝરો સુશ્રી અલ્પાબેન ડાંગર અને એ.સી. સાયેરિયા સહિતના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. શાળામાં ધ્યાનયોગ કાર્યક્રમ યોજવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટરશ્રી સી.પી.રાણપરિયા સાહેબ સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂશ્રીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

## પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળના સહયોગથી અખિલ ગુજરાત અંધ દીકરીઓની વિવિધ સ્પર્ધાઓ યોજાશે

જૂનાગઢ, તા.૨૪

પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય દ્વારા અખિલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ મહિલા સ્પર્ધા તારીખ ૨૮ અને ૨૯ ડિસેમ્બર શનિવાર તેમજ રવિવારના રોજ બે દિવસ લોઢીયા વાડી સ્થળ જુનાગઢ પર રાખેલ છે. આ સ્પર્ધાઓમાં ગુજરાત ભરની પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે કામ કરતી સંસ્થાઓમાંથી ૨૦૦ અંધ દીકરીઓ ઉપસ્થિત રહેશે.

આ સ્પર્ધામાં લોકગીત સ્પર્ધા શનિવારે સવારે ૧૦:૦૦ કલાકે જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધા બપોરે ૩-૦૦ કલાકે વકૃત્વ સ્પર્ધા શનિવારે બપોર પછી ૫-૦૦ કલાકે તેમજ સાંજે ૮:૩૦ કલાકે પ્રજ્ઞાચક્ષુ રાસ ગરબા સ્પર્ધા તેમજ તારીખ ૨૯ રવિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે સાડી પરિધાન સ્પર્ધા અને દરેક સ્પર્ધામાં વિજેતા થયેલ લોકોને રોકડ પુરસ્કાર તેમજ પ્રોત્સાહન ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે તો અમારા અંધ દિકરીઓની સ્પર્ધાના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવા માટે કે. જે. નિદાન કેન્દ્રના પ્રમુખ ભાવિનભાઈ છત્રાળા, શ્રીમતી પ્રવિણાબેન ગીરીશભાઈ ચોકસી, લોઢીયા વાડીના મેનેજિંગ ટ્રસ્ટી કિરીટભાઈ રાણીંગા, માનનીય અગ્રણી વેપારી ધવલભાઈ રમેશભાઈ પરમાર, ઉપસ્થિત રહેશે.

સમારંભના અધ્યક્ષ પોલીસ મહા નિરીક્ષક જુનાગઢ, નિલેશ ઝાંજરીયા, મ.ન.પા. જૂનાગઢના કમિશ્નર ઓમ પ્રકાશ, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, રેન્જ ફોરેસ્ટર ઓફિસર સકરબાગ જુનાગઢ નીરવકુમાર, જુનાગઢ મોટી હવેલીના ૧૦૦૮ પિયુષ બાવા શ્રી મોટી હવેલી. મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ જુનાગઢ કૃતાર્થ બ્રહ્મભટ્ટ, પોરબંદર સિવિલ હોસ્પિટલ ડીન ડોક્ટર સુશીલકુમાર, શિક્ષણવીદ આલ્ફા સ્કૂલ જી.પી. કાઠી શિક્ષણવિ, કે. ડી. પંડ્યા તેમજ કાર્યક્રમના સંયોગી દાતાઓ, કાર્યકર્તાઓ વગેરે આ કાર્યક્રમમાં અંધ દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત રહેશે એવું જણાવતા પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ અને સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટના જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથીએ જણાવેલ છે.

## ખંભાળિયામાં પ્રથમ વખત રઘુવંશી બાળકો માટે ખેલ મહોત્સવ યોજાયો

### મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો : વિજેતાઓને કરાયા પુરસ્કૃત




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયામાં રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ દેવભૂમિ દ્વારકા રઘુવંશી કર્મચારી સંગઠન મંડળના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં અત્રે જુની લોહાણા મહાજન વાડી ખાતે સૌ પ્રથમ વખત રઘુવંશી બાળકો માટે રઘુવંશી ખેલ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

રઘુવંશી બાળકોમાં શારીરિક રમત પ્રત્યે રુચિ વધે તેમજ આજના ટેકનોલોજીના સંશાધનો પ્રત્યે બાળકોનો જે અતિરેક વધ્યો છે એ ઘટે સાથે જૂની જૂની ઘણી રમતો કે જે હવે લુપ્ત થતી જાય છે, એને જીવંત કરવાના ઉમદા આશયથી રઘુવંશી ખેલ મહોત્સવનું આયોજન થયું હતું. શિક્ષણની સાથો સાથ બાળકો રમત પ્રત્યે પણ જાગૃત થાય તે માટે ખંભાળિયામાં રહેતા રઘુવંશી પરિવારનાં ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકો માટેના આયોજનમાં ધોરણ ૧ થી ૩ના કૃષ્ણ ગ્રુપ, ધોરણ ૪ થી ૬ ના રામ ગ્રુપ, ધોરણ સાતથી નવના વિષ્ણુ ગ્રુપ તથા ધોરણ ૧૦ થી ૧૨ ના બનાવવામાં આવેલા શિવ ગ્રુપ માટેની યોજવામાં આવેલી સ્પર્ધાઓમાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી. જેમાં કુલ ૩૦૪ જેટલા બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો.

અભ્યાસની સાથોસાથ બાળકોની રમતમાં પણ રૂચિ વધે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે રઘુવંશી કાર્યકરો દ્વારા આ પ્રયાસ કરાયો હતો. જેમાં સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. પ્રત્યેક રમતમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ મેળવનારને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

રઆ ઉપરાંત ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ તેમજ દાતાઓ દ્વારા બાળકોને પુરસ્કારો દ્વારા પુરસ્કૃત કરી તેમના જુસ્સાને વધારવામાં સહકાર આપવામાં આવ્યો હતો. આ આયોજન માટે સંસ્થાના ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરો, લેડીઝ કમિટી મેમ્બરો દ્વારા તેમજ દેવભૂમિ દ્વારકા રઘુવંશી કર્મચારી સંગઠન મંડળ દ્વારા ખભેખભા મિલાવીને નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ આયોજનની સફળતા બદલ સ્પર્ધકો, તેમના વાલીઓનો, તમામ સંસ્થાઓ અને દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ભાણવડની શાળામાં ક્લસ્ટર લેવલ સ્પોર્ટ્સ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત મેરા યુવા ભારત (એન.વાય.કે.) દેવભૂમિ દ્વારકા દ્વારા ક્લસ્ટર લેવલ સ્પોર્ટ કાર્યક્રમની ઉજવણી ભાણવડમાં પુરુષાર્થ વિદ્યાનિકેતન સ્કુલ ખાતે કરવામાં આવી હતી. જેમાં ભાણવડ તાલુકાના ૧૬૦ વધારે યુવાનોએ ભાગ લીધો હતો. ભાઈઓ માટે કબડ્ડી, ૧૦૦ અને ૪૦૦ મીટર દોડ તેમજ બહેનો માટે ખોખો, ૧૦૦ મીટર તથા લાંબી કુદનું આયોજન કરાયું હતું. વિજેતા ટીમ તથા ખેલાડીઓને જિલ્લા સ્તરે જવાનો મોકો મળશે. આ કાર્યક્રમનું માર્ગદર્શન મેરા યુવા ભારત (એન.વાય.કે.) દેવભૂમિ દ્વારકાના જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગી દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી ભીમસીભાઈ કરમુર, સ્કુલના પ્રિન્સીપાલ ડો.ખુશાલભાઈ શીલુ તેમજ શાળાના સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.


## દેવભૂમિ દ્વારકા જીલ્લામાં શિક્ષકોની વ્યાપક ઘટ : શિક્ષણને થતી માઠી અસર : તાકીદે શિક્ષકોની ભરતી કરવા યુથ કોંગ્રેસની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાની જુદી જુદી સરકારી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોમાં મોટી સંખ્યામાં ઘટ હોવાથી આ અંગે અહીંના યુથ કોંગ્રેસના કાર્યકરો દ્વારા શિક્ષકોની ભરતી કરવા માટેની માંગ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ચાર તાલુકાઓમાં ૩૩૬ શિક્ષકોની આ જિલ્લામાંથી પોતાના વતન કે અન્ય જિલ્લામાં બદલી થતાં હાલ સમગ્ર જિલ્લામાં મળી કુલ ૧૨૦૦ જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી હોવાના અહેવાલો છે. ત્યારે હાલની પરિસ્થિતિમાં આવી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો બે થી ત્રણ ક્લાસ લઈ રહ્યા છે. જેના કારણે સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં માઠી અસર પડી રહી હોવાની સંભાવનાઓ જોવા મળે છે. આ મુદ્દે દેવભૂમિ દ્વારકા જિલ્લા યુથ કોંગ્રેસના કાર્યકર યુવરાજસિંહ વગેરે દ્વારા જિલ્લામાં શિક્ષકોની તાકીદે ભરતી કરવા સંબંધિત તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી છે.

## ઉના નગરપાલિકા દ્વારા સારી કામગીરી



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

ઉના નગરપાલિકાના SHGની બહેનો દ્વારા IEC એક્ટિવિટી હેઠળથી શેરી ફેરીયા અને લારી ગલ્લા ઓને ડોર ટુ ડોર કામગીરી કરી લોકોને જાગૃત કર્યા કચરો એક ડબામાં કચરો નાખી ઉના શહેર, સ્વચ્છ શહેર આપણું શહેર સફાઈ રાખવા સૂચના આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ''પર્સનાલિટી ડિસઓર્ડર'' ધરાવતા લોકો આપણી વચ્ચે પણ છે !

દરેક વ્યક્તિનું પોતાનું વ્યક્તિત્વ હોય છે. તે વ્યક્તિના વિચારો, લાગણીઓ અને વર્તન છે જે તેને એકબીજાથી અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, વ્યક્તિત્વના પ્રકારો અને લાક્ષણિકતાઓ વિશે ઘણી જુદી જુદી માન્યતાઓ છે. આ કારણે, વ્યક્તિત્વને સમજવાની ઘણી જુદી જુદી રીતો છે.આવી સ્થિતિમાં વ્યક્તિત્વ વિકારનું કારણ હજુ પણ જાણી શકાયું નથી. જો કે, બાળપણમાં વ્યક્તિ જે પરિસ્થિતિઓનો સામનો કરે છે અને તેના જનીનો (વારસાગત લક્ષણો) આમાં મોટી ભૂમિકા ભજવે છે. દરેક વ્યક્તિત્વ વિકાર તેના પોતાના વિશિષ્ટ લક્ષણો ધરાવે છે. આ સમસ્યા કેટલાક લોકો માટે ખૂબ જ ગંભીર હોય છે અને અન્ય લોકો માટે ઘણી ઓછી હોય છે અને ઘણી વખત પીડિતને એ પણ સમજાતું નથી કે તેને કોઈ સમસ્યા છે. તેઓને લાગે છે કે તેમના વિચારો ખૂબ જ સ્વાભાવિક છે અને તેઓ તેમની સમસ્યાઓ માટે બીજાઓને દોષ આપવાનું પણ શરૂ કરે છે. આ રોગના લક્ષણોમાં એકલતા, કંટાળાની લાગણી અને દુશ્મનો પ્રત્યે સહાનુભૂતિનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, જ્યારે આ સમસ્યાઓ શોધી કાઢવામાં આવે છે, ત્યારે પીડિતની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની હોય છે. દર્દી સાથે વાત કર્યા બાદ અને તેની સમસ્યાને સમજ્યા બાદ મનોચિકિત્સકો દ્વારા તેનું નિદાન કરવામાં આવે છે.તમને આપવામાં આવતી સારવાર તમારા વ્યક્તિગત વિકાર, તેની ગંભીરતા અને તમારા સંજોગો પર આધારિત છે. પર્સનાલિટી ડિસઓર્ડર શા માટે થાય છે? વ્યક્તિત્વની વિકૃતિ માટે હાલમાં તો કોઈ ચોક્કસ સાબિત કારણ નથી, પરંતુ વૈજ્ઞાનિક સંશોધન દ્વારા એવાં ઘણાં સંભવિત કારણ મળી આવ્યાં છે જે વ્યક્તિ અને સંજોગોના આધારે બદલાય છે. એકંદરે જોવા જઈએ તો આનુવંશિકતા અને જીવનના અનુભવો, ખાસ કરીને તીવ્ર સ્તરનો આઘાત-આ કારણ વ્યક્તિત્વના વિકૃતિઓના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.યુ.એસ.માં લગભગ ૯% પુખ્ત વયના લોકો અમુક પ્રકારના વ્યક્તિત્વ વિકાર ધરાવે છે, અને વૈશ્વિક વસ્તીના લગભગ ૬% લોકો વ્યક્તિત્વ વિકાર ધરાવે છે. પર્સનાલિટી ડિસઓર્ડરનો અર્થ શું છે? પર્સનાલિટી ડિસઓર્ડર એ ૧૦ માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓનું એક જૂથ છે જેમાં લાંબા સમય સુધી ચાલતી, વિચાર, વર્તન, મૂડ અને અન્ય લોકો સાથે સંબંધની વિક્ષેપકારક પદ્ધતિઓનો સમાવેશ થાય છે. વ્યક્તિત્વ વિકૃતિઓ ધરાવતા લોકો ઘણીવાર સમજી શકતા નથી કે તેમના વિચારો અને વર્તન સમસ્યારૂપ છે.

ક્લસ્ટર એ- જેમાં તરંગી વિચાર અથવા વર્તનનો સમાવેશ થાય છે. આમાં શામેલ છે:

૧. પેરેનોઈડ પર્સનાલિટી ડિસઑર્ડરઃ આ લોકો વહેમીલા હોય છે અનેસરળતાથી બીજા પર વિશ્વાસ કરતા નથી. એ વધુપડતા સંવેદનશીલ હોય છે .

૨. સ્કિઝોઈડ પર્સનાલિટી ડિસઓર્ડરઃ આ વ્યક્તિને સામાજિક સંબંધોમાં કોઈરસ હોતો નથી. એ એકાંત જીવનશૈલી પસંદ કરે છે. બીજા માણસની ભાવના સમજવામાં અસમર્થ રહે છે.

૩. સ્કિઝોટાઈપલ પર્સનાલિટી ડિસઓર્ડરઃઆ પ્રકારની વ્યક્તિ પણ વહેમીલા હોય છે અને બીજા સાથે સંબંધ રાખવાનું ટાળે છે.

ક્લસ્ટર બી- નાટકીય અને અનિયમિત વર્તણૂકોનો સમાવેશ થાય છે.આમાં શામેલ છેઃ

૧. બોર્ડરલાઈન પર્સનાલિટી ડિસઓર્ડરઃ આ વ્યક્તિ બીજા લોકોસાથે ખૂબ જ સ્થિર સંબંધ ધરાવે છે અને તીવ્ર ભાવનાત્મક પ્રતિક્રિયા પણ દર્શાવે છે. એ વારંવાર પોતાની જાતને ઈજા પહોંચાડી શકે એવી વર્તણુક કરે છે.

૨. હિસ્ટ્રીઓનિક પર્સનાલિટી ડિસઓર્ડરઃઆ શ્રેણીમાં વિભાજિત થતા લોકો સામાન્ય રીતે ખૂબ જ ઉત્સાહી, બહિર્મુખી, વાતોડિયા અને નાટકિયા હોય છે. બીજાનું ધ્યાન પોતાના તરફ ખેંચવા પ્રયત્નો કરતા હોય છે.

૩. નાર્સિસ્ટિક પર્સનાલિટી ડિસઑર્ડરઃ આ વ્યક્તિપોતાની જાતને વધુપડતું મહત્ત્વ આપે છે. અન્ય લોકો પાસે એ પોતાની પ્રશંસાની વધુપડતી અપેક્ષા રાખે છે, પણ બીજા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની એની ક્ષમતા બહુ ઓછી હોય છે.

૪. ઍન્ટિ-સોશિયલ પર્સનાલિટી ડિસઓર્ડરઃ આ વ્યક્તિ સામાજિક ધોરણોનેસ્વીકારતી નથી અને એનું પાલન પણ કરતી નથી. એને લીધે સંબંધોમાં એ સમસ્યા અનુભવે છે. બીજા લોકોના અધિકારોની પણ એ અવગણના કરે છે.

ક્લસ્ટર સી- ગંભીર ચિંતા અને ભયનો સમાવેશ થાય છે. આમાંશામેલછેઃ

૧. એવોઈડેન્ટ પર્સનાલિટી ડિસઑર્ડરઃ આ વ્યક્તિ બીજી વ્યક્તિનાં નકારાત્મકમૂલ્યાંકન કે પછી અસ્વીકારને લઈને વધુપડતી સંવેદનશીલ હોય છે. ઈચ્છા હોવા છતાં એ વધુપડતા ભયને કારણે સામાજિક ક્રિયા-પ્રતિક્રિયા ટાળે છે.

૨. ડિપેન્ડન્ટ પર્સનાલિટી ડિસઓર્ડરઃ આ વ્યક્તિ માનસિક રીતે અન્ય વ્યક્તિપર સંપૂર્ણપણે નિર્ભર હોય છે. એ પોતાની જાતને લાચાર માને છે, જવાબદારીથી દૂર રહે છે અને અતિશય નિષ્ક્રિયતા દર્શાવે છે.


૩. ઓબ્સેસિવ-કમ્પલસિવ પર્સનાલિટી ડિસઓર્ડરઃ આ પ્રકારની વ્યક્તિને બધું જ પરફેક્ટ જોઈતું હોય છે. સાફસફાઈ, સમયની પાબંદી, વ્યવસ્થા, વગેરે મુદ્દામાં એનાં ધોરણ વધુપડતાં ઉચ્ચ હોય છે.

પર્સનાલિટીડિસઓર્ડર કોને અસર કરે છે? કોઈપણ વ્યક્તિને વ્યક્તિત્વ વિકૃતિ હોઈ શકે છે.પરંતુ વિવિધ પ્રકારના વ્યક્તિત્વ વિકૃતિઓ લોકોને અલગ રીતે અસર કરે છે. મોટાભાગની વ્યક્તિત્વ વિકૃતિઓ કિશોરાવસ્થામાં શરૂ થાય છે જ્યારે તમારું વ્યક્તિત્વ વધુ વિકાસ પામે છે અને પરિપક્વ થાય છે. પરિણામે, વ્યક્તિત્વ વિકૃતિઓનું નિદાન કરાયેલા લગભગ તમામ લોકો ૧૮ વર્ષથી વધુ ઉંમરના છે. આમાં એક અપવાદ એ અસામાજિક વ્યક્તિત્વ વિકાર છે - આ ડિસઓર્ડર ધરાવતા લગભગ ૮૦% લોકોમાં ૧૧ વર્ષની ઉંમર સુધીમાં લક્ષણો દેખાવાનું શરૂ થઈ જશે.

પર્સનાલિટીડિસઓર્ડરથી પીડાતી વ્યક્તિ સાજી થઈ શકે?આ વ્યક્તિ બીજી માનસિક બીમારીની સારવાર માટે મનોચિકિત્સકની સલાહ લે ત્યારે એના વ્યક્તિત્વની વિકૃતિનું નિદાન થાય તો એની સારવાર પણ શરૂ કરી શકાય. સારવાર માટે દવા અને થેરાપી બન્ને ફાયદાકારક છે. કોગ્નિટિવ બિહેવિયર થેરાપી, રેશનલઈમોટિવ થેરાપી, રિલેક્સેશન જેવી ટેક્નિક શીખવાથી ફાયદો ધાય છે. જો કે ઘણી વાર વ્યક્તિ પોતે કોઈ પણ જાતની વિકૃતિથી પીડાય છે એમ સ્વીકારતી નથી એટલે એને કોઈ પણ જાતની સારવાર આપવી મુશ્કેલ થઈ જાય છે . યોગ્ય સમયે સારવાર ન કરવામાં આવે તો આ સમસ્યા વધી પણ શકે છે.

# ખંભાળિયામાં ટેકાના ભાવે મગફળી ખરીદીની કામગીરી ઠપ્પ : ખેડૂતો હાલાકીમાં

### વેર હાઉસમાં જ્ગ્યા ન હોવાથી ટ્રકો ખાલી થતી નથી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયા શહેરમાં સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીનું એકમાત્ર કેન્દ્ર લાંબા સમય બાદ શરૂ કરવામાં આવ્યું છે અને થોડા દિવસ આ કામગીરી રાબેતા મુજબ ચાલી હોવા પછી કેન્દ્રમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી બંધ કરી દેવાતા ખેડૂતો ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા. આ વર્ષે નોંધપાત્ર એવા ૯૬ ઈંચ જેટલા રેકોર્ડ રૂપ વરસાદ પછી ખંભાળિયા પંથકમાં મગફળીના વાવેતરનો બમ્પર પાક થયો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા તાલુકા માટે વ્યાપક રજૂઆતો પછી સરકાર દ્વારા રાજ્યના અન્ય સ્થળોએ કેન્દ્ર શરૂ થયાના દિવસો પછી અહીંના સૂકી ખેતી કેન્દ્ર ખાતે ટેકાને ભાવે મગફળીની ખરીદી કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે અંગેની કામગીરી એક મંડળીને સોંપાઈ હતી. જેમાં હાલ કેટલાક દિવસોથી મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની મગફળી વેચવા માટે ઉમટી રહ્યા હતા અને ઠેર ઠેર લાંબી લાઈનો જોવા મળી રહી હતી. તેવી પરિસ્થિતિમાં ખંભાળિયાના સૂકી ખેતી ખરીદ કેન્દ્ર ખાતે ટેકાના અભાવે મગફળીની ખરીદી બંધ કરી દેવામાં આવી હતી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ આ મગફળી જામનગર ખાતેના વેર હાઉસમાં મોકલવામાં આવે છે. અને અહીં મોટી સંખ્યામાં મગફળી ભરેલા ટ્રકો પહોંચી ગયા હોવાથી આ ટ્રકો મગફળી ઉતાર્યા વગરના પડી રહ્યા છે. જેના કારણે હાલ ખંભાળિયામાં સૂકી ખેતી કેન્દ્ર ખાતે જગ્યા ન હોવાથી ખેડૂતોની મગફળીની ખરીદી બંધ કરવામાં આવી હતી. અહીંના માર્કેટિંગ યાર્ડમાં પણ દરરોજ ૭ થી ૮ હજાર ગુણી મગફળીની આવક થઈ રહી છે અને ત્યાં પણ માલનો ભરાવો થતા બેઈત્રણ દિવસ મગફળીની આવક બંધ રહેતી હોવાથી મગફળીના ભાવ ઘટી રહ્યા હોવાનું કહેવાય છે. જેથી મગફળીનું વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે ટેકાના ભાવે મગફળી આપવા ઈચ્છતા અનેક ખેડૂતોને થતા ધક્કા તેમજ લાંબા વેઈટિંગથી ધરતીપુત્રોમાં રોષની લાગણી જોવા મળી હતી.

# ભાણવડના વેરાડ ખાતે રૂા.૮૯ લાખના ખર્ચે નવનિર્મિત પી.જી.વી.સી.એલ કચેરીનું લોકાર્પણ કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ભાણવડ તાલુકાના ત્રણ પાટિયા ખાતે રૂ. ૮૯ લાખના ખર્ચે જામનગર પી.જી.વી.સી.એલ. વર્તુળ કચેરી હેઠળની વેરાડ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આજરોજ લોકાર્પણ કરવામાં આવેલી વેરાડ પેટા વિભાગીય કચેરીને પરિણામે અંદાજિત ૩૨ જેટલા ગામના લોકોને સીધો લાભ પ્રાપ્ત થશે. જનહિતલક્ષી કામો ઝડપથી પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર પણ સંપૂર્ણ પ્રતિબધ્ધતા સાથે આગળ ધપી રહી છે. પર્યાવરણના રક્ષણ અને જતન માટે રીન્યુએબલ એનર્જી દિશામાં રાજ્ય અગ્રેસર બની રહ્યું છે. છેવાડાના દરિયાકાંઠામાં જિલ્લાઓમાં રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિપુલ તકો રહેલી છે. આપણે સૌ નાગરિકો પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃત થઈ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીએ તેમજ અન્યોને પણ જાગૃત કરવાની અપીલ કરી હતી. કાર્યક્રમ બાદ કેબિનેટ મંત્રી સહિતના મહાનુભાવો દ્વારા કચેરીના સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જામનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર એચ.ડી. વ્યાસ તથા આભારવિધિ જામજોધપુર વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર એ.જે. દવે દ્વારા કરવામાં આવી હતી. આ આયોજનમાં જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન જીતેન્દ્રભાઈ કણઝારિયા, તાલુકા વિકાસ અધિકારી એન.એલ. બેડીયાવદરા વિગેરે સહિત પી.જી.વી.સી.એલ. વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પોપકોર્ન પર ત્રિસ્તરીય GSTના મુદ્દે સરકાર પર પ્રહારો

# સરકારે GST સિસ્ટમને વાહિયાત અને જટિલ બનાવી દીધી છે: કોંગ્રેસ

### પોપકોર્ન પર ત્રિસ્તરીય જીએસટીના નિર્ણય પછી સોશિયલ મીડિયા પર પણ તેની મજાક ઉડાવતા મીમ્સની સુનામી આવી હતી

નવી દિલ્હી, તા.૨૪

પોપકોર્ન પર ત્રિસ્તરીય જીએસટીના મુદ્દે કોંગ્રેસે મોદી સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જીએસટી હેઠળ પોપકોર્ન પર ત્રણ અલગ-અલગ ટેક્સ સ્લેબ વાહિયાત છે, તે જીએસટી સિસ્ટમની વધતી જતી જટિલતા દર્શાવે છે. કોંગ્રેસે સવાલ કર્યો હતો કે મોદી સરકાર GST 2.0 લાવવા માટે માટે સંપૂર્ણ સિસ્ટમમાં ધરમૂળથી ફેરફાર કરવાની હિંમત દર્શાવી શકશે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે દાવો કર્યો હતો કે કે મોટાપાયે GSTચોરી થઈ રહી છે. ઈનપુટ ટેક્સ ક્રેડિટ છેતરપિંડી સામાન્ય બની છે અને GST સિસ્ટમ સાથે ''ગેમ'' કરવા માટે બોગસ કંપનીઓની સ્થાપના કરવાaમાં આવી છે. GST હેઠળ પોપકોર્ન માટે ત્રણ અલગ-અલગ ટેક્સ સ્લેબ વાહિયાત છે. તે જીએસટી સિસ્ટમની વધતી જતી જટિલતાનો મોટો મુદ્દો બહાર લાવે છે. જીએસટીનો હેતુ સરળ કરપ્રણાલીનો હતો, પરંતુ હવે સમગ્ર સિસ્ટમ જટિલ બની છે. જીએસટી સિસ્ટમની જટિલ ગણાવીને મોદી સરકાર પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટને હવે માત્ર 40 દિવસની વાર છે. શું પીએમ મોદી અને નાણાપ્રધાન નિર્મલા સીતારામન જીએસટી સિસ્ટમમાં ધરમૂળથી ફેરફાર કરીને GST 2.0 લાવવાની હિંમત કરી શકશે. અહી ઉલ્લેખનીય છે કે જેસલમેરમાં યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં પોપકોર્ન માટે ત્રિસ્તરીય કર માળખાનો નિર્ણય કરાયો હતો. તે મુજબ કારમેલ પોપકોર્ન પર 18 ટકા જીએસટી, પ્રિ પ્રેક્ડ અને મસાલા પોપકોર્ન પર 12 ટકા તથા પેકિંગ-લેબલ વગરના પોપકોર્ન પર 5 ટકા જીએસટી લાગુ પડશે. પોપકોર્ન પર ત્રિસ્તરીય જીએસટીના નિર્ણય પછી સોશિયલ મીડિયા પર પણ તેની મજાક ઉડાવતા મીમ્સની સુનામી આવી હતી. કેટલાંક યુઝર્સે એક જ પ્રોડક્ટ્સ પર અલગ અલગ ટેક્સ સ્લેબ સામે સવાલ ઉઠાવ્યાં હતાં. કેટલાંક યુઝર્સે પીવાના પાણી પર ત્રણ પ્રકારના ટેક્સની મજા લેતા જણાવ્યું હતું કે શું હવે પીવાના પાણી પર GST લાગશે? જો તમે ઘૂટણે-ઘૂટણે પાણી પીશો તો તમારે 5% ચૂકવવા પડશે, જો તમે એકસાથે પી જશો છો તો તમારે 12% ચૂકવવા પડશે અને જો તમે પાણી ફેંકશો તો તમારે 18 ચૂકવવા પડશે? બીજા એક યુઝર્સે લખ્યું હતું કે જેઓ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની હિમાયત કરે છે તેઓ પોપકોર્ન માટે એક જ ટેક્સ લાગુ કરી શકતા નથી.

# પરસ્પર વિશ્વાસ, સહવાસ વગરનાં લગ્ન સંબંધ માત્ર કાનૂની બંધનઃ સુપ્રીમ કોર્ટ

### સોફ્ટવેર એન્જિનિયર દંપતીને મદ્રાસ હાઈકોર્ટે ક્રૂરતાને આધારે છૂટાછેડાનું હુકમનામું આપ્યું હતું

નવી દિલ્હી, તા.૨૪

લાંબા સમયથી અલગ રહેતા સોફ્ટવેર એન્જિનિયર દંપતીને છૂટાછેડા આપવાના મદ્રાસ હાઈકોર્ટ ચુકાદાને યોગ્ય ઠેરવીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લગ્ન પરસ્પર વિશ્વાસ, સહવાસ અને સહિયારા અનુભવો આધારિત સંબંધ છે. આવા આવશ્યક તત્વો ગાયબ થઈ જાય છે ત્યારે વૈવાહિક બંધન માત્ર કાનૂની ઔપચારિકતા બની જાય છે. અદાલતે સતત કહ્યું છે કે લાંબા સમય સુધી અલગ રહેવું અને સુલેહ ન થવો તે વૈવાહિક વિવાદોને ઉકેલવામાં મહત્વપૂર્ણ પરિબળ છે.ન્યાયાધીશ વિક્રમ નાથ અને પીબી વરાલેની ખંડપીઠે જણાવ્યું હતું કે અલગ રહેવાનો સમયગાળો અને દંપતી વચ્ચેની દુશ્મનાવટ એ સ્પષ્ટ કરે છે કે લગ્નસંબંધને ફરી થાળે પાડવાની કોઈ શક્યતા નથી. પતિ-પત્ની બંને બે દાયકાથી અલગ રહે છે અને આ હકીકત એ તારણને વધુ મજબુત બનાવે છે કે લગ્ન હવે ટકી શકે તેમ નથી. આ કિસ્સામાં પક્ષકારોએ ૨૦૦૪થી વૈવાહિક જીવન માણ્યું નથી અને સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. આ સોફ્ટવેર એન્જિનિયર દંપતીને મદ્રાસ હાઈકોર્ટે ક્રૂરતાને આધારે છૂટાછેડાનું હુકમનામું આપ્યું હતું. જોકે પત્નીએ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ખંડપીઠે જણાવ્યું હતું કે પતિએ પૂરતા પુરાવા આપ્યા છે કે પત્નીએ તેને માનસિક અને ભાવનાત્મક તકલીફ આપી હતી. તેમાં પતિ અને તેના પરિવાર સામે ખોટી અને આધારહીન ફોજદારી ફરિયાદોનો સમાવેશ થાય છે.

તેનાથી તેમના સંબંધો વધુ કથળ્યા હતાં અને પતિની પ્રતિષ્ઠા અને માનસિક શાંતિને પણ નોંધપાત્ર નુકસાન થયું હતું. જસ્ટિસ નાથે જણાવ્યું હતું કે વૈવાહિક વિવાદોમાં આ કોર્ટે બંને પક્ષોના કલ્યાણ અને ગૌરવને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. લગ્ન દુઃખ અને સંઘર્ષનું કારણ બન્યા હોય તેવા લગ્ન ચાલુ રાખવાનું દબાણ લગ્ન સંસ્થાના મૂળ ઉદ્દેશ્યને મારી નાંખે છે.

### સલમાન-શાહરૂખ વિષે પણ કહી આવી વાત

# 'ગાંધીજી પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા' : અભિજીત ભટ્ટાચાર્ય

### બોલિવૂડના જાણીતા ગયાક અભિજીત ભટ્ટાચાર્ય તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે

મુંબઈ, તા.૨૪

બોલિવૂડના જાણીતા ગયાક અભિજીત ભટ્ટાચાર્ય તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. એક ઈન્ટરવ્યુમાં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અંગે આપેલા નિવેદનને કારણે હાલ અભિજીત ચર્ચામાં છે. અભિજીત તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં તેની પ્રોફેશનલ લાઈફ વિશે ઘણી વાતો શેર કરી હતી.અભિજીત ભટ્ટાચાર્યએ પોડકાસ્ટ દરમિયાન બોલિવૂડ સ્ટાર્સ સાથે તેમના અનુભવો વિષે વાત કરી હતી. સાથે સાથે તેમણે મહાત્મા ગાંધી વિશે એક વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યું. અભિજિત ભટ્ટાચાર્યએ કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના નહીં પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા. આ નિવેદનને કારણે તેમની ટીકા થઈ રહી છે.અભિજીત ભટ્ટાચાર્યએ કહ્યું કે સંગીતકાર આરડી બર્મન મહાત્મા ગાંધી કરતા મહાન હતા. આરડી બર્મન રાષ્ટ્ર સંગીતના પિતા હતા. અભિજીત આટલે જ ના રોકાયા, તેમણે મહાત્મા ગાંધીને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા કહી દીધા. અભિજીતે કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના નહીં પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા.

ભારત પહેલાથી જ ભારત હતું, પાકિસ્તાન પછીથી બન્યું. ભૂલથી જ મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા જાહેર કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનને જન્મ આપનારા એ જ હતાં , તે જ પિતા થયા, તે જ દાદા, નાના પણ તેઓજ થયાપ. બધું તેઓ જ હતાં.નોંધનીય છે કે સંગીતકાર આરડી બર્મને જ અભિજીત ભટ્ટાચાર્યને સૌ પ્રથમ ચાન્સ આપ્યો હતો. અભિજીતે પોતાનું પહેલું ગીત આશા ભોંસલે સાથે બંગાળી ફિલ્મ માટે ગાયું હતું. પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં અભિજીત આરડી બર્મન સાથે સ્ટેજ શો કરતા હતા.પોડકાસ્ટમાં તેમણે શાહરૂખ ખાન અને સલમાન ખાન વિશે પણ વિવાદાસ્પદ નિવેદન આપ્યું. અભિજીતે કહ્યું કે, 'હું સલમાન ખાનને નફરત કરવા લાયક પણ નથી માનતો.' જ્યારે તેને સલમાન ખાનના 'ચુનરી ચુનરી' અને 'ટન ટના ટન ટન ટન ટારા' જેવા ગીતો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'એ મારા ગીતો છેપ ગીત કોના માટે છે એ ક્યારેય પૂછતો નથી. જ્યારે હું શાહરૂખ ખાન માટે ગીત ગાતો ત્યારે જ હું ઉત્સાહિત રહેતો.''અભિજીત ભટ્ટાચાર્યએ શાહરૂખ ખાન માટે છેલ્લે ૧૭ વર્ષ પહેલા ગીત ગાયું હતું.

અભિજીતે પોડકાસ્ટ પર શાહરૂખ ખાન સાથેના તેના ઝઘડા અંગે પણ જાહેરમાં વાત કરી હતી. અભિજીતે કહ્યું કે શાહરૂખ મારી પાસે આવી શક્યો હોત, માફી માંગવા માટે નહીં, પરંતુ સમાધાન માટે. મોટો હોવાને કારણે, તે આવીને મને ગળે લગાવી શક્યા હોત, મને માફીની અપેક્ષા ન હતી, પણ તે આવીને કહી શક્યો હોત, 'ચલ યારપ' અમે ફરીથી સાથે હોત. પરંતુ તેણે મને અવગણ્યો.'

# ગરમ મસાલા પેકેટમાં ડ્રગ US મોકલવાના રેકેટનો પર્દાફાશ

અમદાવાદ, તા.૨૪

ભારતમાંથી ડ્રગ્સની આયાત- નિકાસ સતત વધી રહી છે ત્યારે જ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (NCB) અમદાવાદની ટીમે ગરમ મસાલાના પેકેટમાં એમડી ડ્રગ વિદેશ મોકલવાના રેકેટનો પર્દાફાશ કરી બેંગલુરુ અને દિલ્હીથી ત્રણ પેડલરોને ઝડપી લીધા છે. આ કેસમાં ઝડપાતાં અમેરિકન સરકારે જેને ભારત રવાના કરી દીધો હતો તે અદનાન ફર્નિચરવાળા નાઈજિરિયન ગેંગ સાથે રેકેટ ચલાવતો હતો.NCB અમદાવાદની ટીમને બાતમી મળી હતી કે કુખ્યાત ડ્રગ્સ પેડલર અદનાન ફર્નિચરવાળા ડ્રગ્સના કેસમાં ફરીથી એક્ટિવ થયો છે. તેને પગલે તેના પર વોચ વધારી દેવામાં આવી હતી. તે બેંગલુરુમાં લોકેટ થતાં તેની પ્રવૃત્તિઓ ચકાસતા કેટલાક તત્ત્વો દ્વારા તે ફરીથી ડ્રગ્સ સપ્લાય માટે કામ કરતો હોવાનું જાણી શકાયું હતું. NCB અમદાવાદની ટીમે તેને બેંગલુરુથી ઝડપી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં જાણી શકાયું હતું કે તે નાઈજિરિયન ગેંગ સાથે મળીને ગરમ મસાલાના પેકેટમાં ડ્રગ્સ વિદેશ મોકલી રહ્યો છે. તેના નિવેદનને આધારે NCBએ દિલ્હીમાંથી તેના સાથીદાર એવા નાઈજિરિયન નાગરિકોની પણ ધરપકડ કરી લીધી છે. તેમની પાસેથી પોલીસે 2 કિલો મેથાફેટામાઈન ડ્રગ્સ કબજે લીધું છે. તેઓ અગાઉ કેટલી વખત ડ્રગ્સ વિદેશ મોકલી ચૂક્યા છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ભય અને દંડથી ક્યારેય પાપ બંધ નથી થતા.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૯, તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૨, હસ્ત નક્ષત્ર, શોભન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૧:૫૦ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભઃઆકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુનઃવિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્કઃ નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહઃ સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યાઃ માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલાઃ અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિકઃકાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધનઃ માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકરઃ શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભઃ અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીનઃ કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

### હવામાન વિભાગે નાતાલ બાદ ૨૭ અને ૨૮ ડિસેમ્બરે માવઠાની કરી આગાહી

# રાજ્યમાં ભરશિયાળે પડી રહેલી ઠંડી વચ્ચે છૂટાછવાયા વરસાદની આગાહીથી ટેન્શન !

### આગામી ચાર દિવસ વાતાવરણ શુષ્ક રહ્યા બાદ વાતાવરણમાં આવશે પલ્ટો

અમદાવાદ,તા.૨૪

રાજયમાં પડી રહેલી ભારે ઠંડી વચ્ચે હવામાન વિભાગની જાહેર થયેલી આગાહીથી લોકો ચિંતિત બન્યા છે. જેમાં ઠંડી વચ્ચે માવઠાની વાત કરવામાં આવી છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કડકડતી ઠંડી વચ્ચે લોકોએ સ્વેટરની સાથે રેઈનકોટની પણ વ્યવસ્થા કરવી પડે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. ૨૭ અને ૨૮ ડીસેમ્બરે અલગ અલગ જિલ્લાઓમાં છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી એક સપ્તાહ માટે ગુજરાતના હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આગામી પાંચ દિવસ રાજયમાં શુષ્ક વાતાવરણ પ્રવર્તશે. જયારે છઠ્ઠા અને સાતમા દિવસે રાજયના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૭ તારીખે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. જેમાં દ્વારકા, પોરબંદર, ભાવનગર, મોરબીનો સમાવેશ થાય છે. જયારે ૨૮ ડિસેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પૂર્વ ગુજરાતના મધ્યપ્રદેશને અડીને આવેલા જિલ્લાઓ છોટાઉદેપુર, દક્ષિણ ગુજરાતમાં નર્મદા, વલસાડ દમણ અને નગર હવેલીમાં હળવો વરસાદ વરસી શકે છે. પવનથી દિશા બદલાતા તાપમાનમાં ફેરફાર થવાની શકયતા દર્શાવાઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન નલિયા, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડવેવ જોવા મળી હતી. જેમાંરાજ્યમાં નલિયામાં સૌથી લઘુત્તમ તાપમાન ૫.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું. જ્યારે પોરબંદર અને રાજકોટમાં અનુક્રમે ૧૦.૫ અને ૯.૪ ડિગ્રીસેલ્સિયસ જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ અને ગાંધીનગરમાં૧૪.૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટી વધઘટજોવા મળશે નહીં. ત્યારબાદનાદિવસોમાં રાજ્યમાં તાપમાન બે થી ત્રણ ડિગ્રી જેટલું વધશે.કારણકે અરબસાગર ઉપરથી ભેજ ગુજરાત તરફ આવશે. ઈસ્ટરલીઅને સાઉથવેસ્ટરલી પવનો ભેગા થવાથી ગુજરાતમાં હળવો વરસાદ વરસી શકે છે.

## વડાપ્રધાનના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં પ્રશ્નો મોકલવા માટે સ્પર્ધાનું આયોજન

અમદાવાદ, તા.૨૪

દર વર્ષની જેમ આ વખતે પણ જાન્યુઆરીમાં વડાપ્રધાન દ્વારા પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ પોતાના પ્રશ્નો મોકલી શકે તે માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૪ જાન્યુઆરી સુધી ઓનલાઈન MCQ સ્પર્ધામાં ભાગ લઈ પોતાના પ્રશ્નો મોકલી શકાશે. જેમાંથી પસંદગી પામેલા પ્રશ્નોનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા વડાપ્રધાનના ઈન્ટરેક્ટિવ કાર્યક્રમ પરીક્ષા પે ચર્ચાની ૮મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી૨૦૨૫માં નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ધોરણ-૬થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે ૧૪ જાન્યુઆરી સુધી ઓનલાઈન મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને તેમના પ્રશ્નો વડાપ્રધાને સંબોધવા માટે આમંત્રિત કરે છે. NCERT દ્વારા શોર્ટલીસ્ટ કરેલા પસંદગીના પ્રશ્નો કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે. જેથી આ કાર્યક્રમનું રાજયમાં આયોજન કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, ડીઈઓ દ્વારા તેમની કક્ષાએથી તમામ શાળાઓને તથા શાળાઓ દ્વારા તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે જરૂરી જાણકારી આપવાની રહેશે. જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે તેમજ અન્ય તમામ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓના ધોરણ૬થી ૧૨ના વિદ્યાર્થીઓ ઓનલાઈન MCQ સ્પર્ધામાં મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે સ્કૂલોને પ્રયાસ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ માટે વાલીઓને પણ પ્રોત્સાહિત કરવા માટે સૂચના આપવામાં આવી છે.

## અમેરિકા ડ્ર્ગ્સ મોકલવાના આંતરરાષ્ટ્રીય કૌભાંડનો પર્દાફાશ કરતી અમદાવાદ NCB

### ભારતમાંથી ગરમ મસાલાના પેકેટમાં ડ્ર્ગ્સ પેક કરી વિદેશ મોકલાતો હતો

અમદાવાદ, તા.૨૪

તાજેતરમાં અમદાવાદ NCBએ બે કિલો કેટામાઈન ડ્ર્ગ્સ સાથે ચાર ઈસમોની ધરપકડ કરી હતી. ત્યારે આ ધરપકડને લઈ આંતરરાષ્ટ્રીય ડ્ર્ગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે. NCBએ ત્રણ નાઈજીરિયન સહિત ચારની ધરપકડ કરી હતી. જેમાં કુરિયર પાર્સલ દ્વારા ડ્ર્ગ્સની હેરાફેરી કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું છેન્ડ ભારતમાંથી વિવિધ બ્રાન્ડના ગરમ મસાલાનાં પેકેટમાં ડ્ર્ગ્સ પેક કરી અમેરિકા મોકલવાના રેકેટનો અમદાવાદ NCBએ પર્દાફાશ કર્યો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે બે કિલો કેટામાઈન ડ્ર્ગ્સ સાથે એકને બેંગ્લોરથી અને ત્રણ નાઈજીરિયનને દિલ્હીથી ઝડપી પાડ્યા છે. જેઓ વિવિધ બ્રાન્ડના ગરમ મસાલના પેકેટનો ઉપયોગ કરી તેમાં ડ્ર્ગ્સ પેક કરી યુએસ કુરિયરમાં મોકલતા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ NCBએ બાતમીના આધારે અદનાન ફર્નિચરવાલા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. અદનાન એક સમયમાં પૂણેમાં રહેતો હતો પરંતુ બાદમાં તે યુએસ ગયો હતો. યુએસમાં ડ્ર્ગ્સની હેરાફેરીના તેના ઉપર ત્રણ કેસ નોંધાયા હતા.તેથી તેને ભારત પરત મોકલવામાં આવ્યો હતો. ભારત પરત આવ્યા બાદ તે ડ્ર્ગ્સની હેરાફેરી કરી રહ્યો હતો. આ દરમ્યાન ગયા વર્ષે NCB મુંબઈ દ્વારા તેના ઉપર વધુ એક કેસ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. જે કેસમાં તે પેરોલ ઉપર બહાર હતો. અદનાન હંમેશા એજન્સીથી એક સ્ટેપ આગળ રહીને ડ્ર્ગ્સની હેરાફેરી કરતો અને પોતાનું છુપાવવાનું સ્થળ બદલતો રહેતો હતો. NCB દ્વારા તેને ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યોમાં ટ્રેક કરવામાં આવ્યો હતો. ૮ ડિસેમ્બરે કર્ણાટકના બેંગ્લોરના વિસ્તારમાંથી એક એપાર્ટમેન્ટમાંથી અદનાનની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કર્યા બાદ તપાસમાં સામે આવ્યું કે અદનાન નાઈજીરિયન સિન્ડિકેટની સાથે મળીને ડ્ર્ગ્સ સપ્લાય કરવાનું ચાલુ કર્યું હતું. જે દિલ્હીથી સિન્ડિકેટ ચાલતી હતી. કુરિયર એજન્સી દ્વારા ઈન્ડિયાથી યુએસ ડ્ર્ગ્સ મોકલાતું હતું. એ ૧૮ ડિસેમ્બરે દિલ્હીના વિસ્તારમાંથી ઈમેન્યુઅલ અને તેના બે સાથી એકલેમે અને ઈમેન્યુઅલ ઓસાજાની ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ કરીને વિવિધ બ્રાન્ડના મસાલા પેકેટમાં છુપાયેલા બે કિલો ડ્ર્ગ્સ કબજે કરવામાં આવ્યું છે. ચારેય આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાજ્યમાં પવનોની દિશા સતત બદલાતી હોવાથી ક્યાંક અત્યંત ઠંડી તો ક્યાંક તાપમાનમાં વધારો

અમદાવાદ, તા.૨૪

હાલ ગુજરાતમાં આવતા પવનોની દિશા સતત બદલાતી રહે છે, જેને કારણે રાજયમાં ક્યાંક અત્યંત ઠંડી તો ક્યાંક તાપમાનમાં વધારો નોંધાયો છે. ત્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં કડકડતી ઠંડી પડી રહી છે. આગામી ચોવીસ કલાક દરમ્યાન પણ સૌરાષ્ટ્રના કચ્છના નલિયા, રાજકોટ અનેપોરબંદરમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ અને નલિયામાં કોલ્ડવેવ જોવા મળી છે. જેમાં નલિયામાં તાપમાનનો પારો ૬.૪ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટમાં ૯.૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો. આવનારા ૨૪ કલાકમાં નલિયા, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડવેવ જોવા મળી શકે છે. જેમાં તાપમાન નલિયામાં ૬ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૮ ડિગ્રી સેલ્સિયસ અને પોરબંદરમાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાનું અનુમાન છે. જયારે તાપમાનનો પારોસામાન્ય કરતા ૪.૫ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટે ત્યારે કોલ્ડવેવની આગાહી આપવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઉતરથી ઉત્તરપૂર્વ તરફ પવનની દિશા છે. જયારે ગુજરાત રિઝનમાં તે પૂર્વ તરફ છે. સમુદ્ર તટે આવેલા પ્રદેશોમાં તાપમાન ૧૫ ડિગ્રી કરતાં ઘટે તો કોલ્ડવેવની આગાહી કરવામાં આવે છે. હવામાન વિભાગ દ્વારા રાજસ્થાનના પશ્ચિમ ભાગના વિસ્તારોમાં અતિશય કોલ્ડવેવની આગાહી વ્યક્ત કરી છે. ગુજરાત ઉપર પૂર્વ અને દક્ષિણ-પૂર્વ તરફથી પવન આવી રહ્યા છે અને તે ખંભાતના અખાત પાસે ફરીને ઉત્તર તરફ જઈ રહ્યા છે. રાજસ્થાનમાં અતિશય કોલ્ડવેવની અસરને કારણે ત્યાં થઈને સીધા પવનો સૌરાષ્ટ્રકચ્છના ભાગો ઉપર આવી રહ્યા છે એટલે કે સૌરાષ્ટ્રના ભાગોમાં ઉત્તર દિશા તરફથી આવતા પવનોને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. બીજી તરફ ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર તાજેતરમાં દક્ષિણ- પશ્ચિમ બંગાળની ખાડી ઉપર નીચા દબાણનું ક્ષેત્ર પશ્ચિમ- મધ્ય ક્ષેત્રમાં હતું. તે આગામી ૨૪ કલાકમાં તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી શક્યતા છે, જેના કારણે દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે પવન અને ભારે વરસાદ થશે. ઉપરાંત, પશ્ચિમ હિમાલય વિસ્તાર અને આસપાસના મેદાનોને અસર કરવા માટે ૨૭ ડિસેમ્બરથી એક નવું પશ્ચિમી વિક્ષેપ સક્રિય થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા કચ્છ અને પોરબંદર જિલ્લામાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સતત બે દિવસથી પોરબંદરમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે કારણ કે, ત્યાં રાજસ્થાન તરફથી સીધા પવનો સૂકાઈ રહ્યા છે અને ઉત્તર દિશા તરફથી આવતા પવનોને કારણે ઠંડીનું જોર વધ્યું છે. આ ઉપરાંત નલિયામાં પણ ઠંડીનું પ્રમાણ વધતા રાજયનું સૌથી ઓછું લઘુતમ તાપમાન ધરાવતું શહેર બન્યું છે તથા રાજયના અન્ય વિસ્તારોમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી પવનો આવતા હોવાથી તાપમાન વધ્યું છે. હજુ આગામી ૫ દિવસ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનું તાપમાન યથાવત રહેવાની શક્યતાઓ છે.

### રાજ્યના ગ્રામ્ય આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય

# રાજ્યમાં વસ્તીના ધારા-ધોરણ મુજબ આરોગ્ય સેવા પૂરી પાડવા નવા ૨૪ આરોગ્ય કેન્દ્ર મંજૂર

### હાલમાં ૧૪૯૯ કેન્દ્રો કાર્યરત : જીઓ સ્પે. એનાલિસિસને આધારે કેન્દ્ર મંજૂર કરાય છે




ગાંધીનગર,તા.૨૪

રાજય સરકાર દ્વારા યોજાયેલી એક બેઠકમાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાંકુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (P.H.C) શરૂ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. રાજયના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે તેમજણાવતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે, હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦,૦૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબકુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે. હાલ આ પ્રાથમિક કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉકત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુરકરવામાં આવેલ છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશઅત્રે ઉલ્લેખનીય છે કે, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર , લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ,સીનીયર કલાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરાય છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિકજનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાહિત થશે તેમ મંત્રીએ જણાવ્યું હતુ.

## જયપુર ગેસ ટેન્કર વિસ્ફોટ : આગની લપેટમાં આવેલા વ્યક્તિએ મદદ માટે ૬૦૦ મીટર સુધી દોડ લગાવી પરંતુ લોકોએ સહાયતા કરવાને બદલે વીડિયો જ રેકોર્ડ કર્યો

જયપુર, તા.૨૪

જો તમારે દર્દ અને દુર્ઘટનાની ગંભીરતા જોવી હોય, તો ૩૨ વર્ષીય રાધેશ્યામ ચૌધરી જે જ્વાળાઓમાં લપેટાયેલા તેમના શરીર સાથે શુક્રવારની વહેલી સવારે જયપુર-અજમેર હાઈવે પર ભયાનક અકસ્માત પછી મદદ માટે દોડી રહ્યા હતા તેનો વીડિયો જોવો જોઈએ. રાધેશ્યામ, જયપુરમાંનેશનલ બેરીંગ્સ કંપની લિમિટેડના મોટર મિકેનિક છે, અને હંમેશની જેમ તેમની મોટરબાઈક ઉપર રિંગ રોડ નજીકના તેમના ઘરેથી નીકળ્યા હતા, તેમની સાથે અન્ય ઘણા લોકો માટે તેમનું આ દુર્ભાગ્ય ૨ કિમી આગળ જ એક આપત્તિની રાહ જોઈ રહ્યું હતું તેની કોઈ કલ્પના ન હતી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ગેસ ટેન્કર વિસ્ફોટ પછીના અનેક વીડિયોઝ ઓનલાઈન આવ્યા હતા, જેમાં એક સળગતો માણસ તેના પગ ઉપર ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું અને તે અકસ્માતના કોલાહલ વચ્ચે મદદ માટે ભાગી રહ્યો હતો. રાધેશ્યામના મોટા ભાઈ અખેરામને સવારે ૫.૫૦ વાગ્યે એક અજાણી વ્યક્તિએ ફોન કરીને અશુભ સંદેશો પાઠવ્યો હતો કે તત્કાલ હીરાપુરા બસ ટર્મિનલ ઉપર આવો. તમારો ભાઈ મુશ્કેલીમાં છે. અખેરામ બે પડોશીઓ સાથે આ વિસ્તારમાં દોડી આવ્યા. અકસ્માત સ્થળે પહોંચીને તેણે જે જોયું તે તેને હંમેશ માટે હેરાન કરશે. તેમણે કહ્યું કે, મારો ભાઈ રસ્તા ઉપર પડેલો હતો, લોકોએ મને કહ્યું કે તે વિસ્ફોટના સ્થળથી લગભગ ૬૦૦ મીટર સુધી ચાલ્યો હતો. તેઓએ કહ્યું કે તે રસ્તા ઉપર સંઘર્ષ કરી રહ્યો હતો અને તે મદદ માટે રડી રહ્યો હતો. પરંતુ મદદ કરવાને બદલે, મોટાભાગના નજીકના લોકોએ તેનો માત્ર વીડિયો જ બનાવ્યો હતો. ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે એમ્બ્યુલન્સ ગમે ત્યારે જલ્દી આવે તેવી અપેક્ષા રાખવી નિરર્થક છે તે સમજીને, અખેરામ અને તેના પડોશીઓ રાધેશ્યામને તેમની કારમાં લઈ ગયા હતા. અખેરામે કહ્યું કે, તે હોશમાં હતો, હોસ્પિટલ સુધી સુસંગત રીતે વાત કરતો હતો. તેણે અમને કહ્યું કે શું થયું હતું, વચ્ચે-વચ્ચે તે ધ્રૂજતો હતો. તેણે મને એલર્ટ કરનાર કૉલરને મારો નંબર આપવાનો ઉલ્લેખ કર્યો હતો. તે અવિશ્વસનીય હતું કે કેવી રીતે તે અસહ્ય પીડા અનુભવવા છતાં મારો નંબર યાદ કરવામાં સફળ રહ્યો હતો. આ મુસાફરી દરમિયાન, રાધેશ્યામે દુર્ઘટના તરફ દોરી જતી કરૂણ ક્ષણોનું વર્ણન કર્યું હતું. રાધેશ્યામ તેની બાઈક ઉપરથી કૂદી ગયાધ્ અને વિરૂધ્ધ દિશામાં ભાગ્યો હતો, પરંતુ જ્વાળાઓમાં ઝડપાય ગયો હતો. તે બળી ગયો હોવા છતાં, તે દોડ્યો અને ચાલ્યો જ્યાં સુધી તેને તેના ભાઈને બોલાવવા માટે કોઈ મળ્યું નહીં. અખેરામે કહ્યું કે, તે ૮૫% જેટલો દાઝી જવાથી, તેના બચવાની તક રહી ન હતી.

## શ્રીનગરમાં મોસમની સૌથી ઠંડી રાત માઈનસ છ ડિગ્રી તાપમાન થઈ ગયું

શ્રીનગર, તા.૨૪

કાશ્મીરની વર્તમાન શિયાળાની મોસમની સૌથી ઠંડી રાત્રીનો શ્રીનગરવાસીઓએ અનુભવ કર્યો હતો જયારે મોસમની સૌથી ઠંડી રાતમાં તાપમાનનો પારો એકદમ ગગડીને માઈનસથી અનેક ડિગ્રી નીચે પહોંચી ગયો હતો એટલે થોડા દિવસ પહેલાની રાત સૌથી ઠંડી રાત્રી હતી. શ્રીનગરમાં તાપમાનનો પારો વધુ નીચે ઊતરી ગયો હતો અને માઈનસ ૪.૫ ડિગ્રીથી નીચે ઊતરીને માઈનસ છ ડિગ્રી થઈ ગયો હતો અને અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું જોવા મળ્યું હતું તેમ હવામાન ખાતાના અધિકારીઓએ જણાવ્યું હતું. શનિવારની રાત પણ કાતિલ ઠંડીની રાત હતી અને તાપમાન માઈનસ ચાર ડિગ્રી થઈ ગયું હતું. કાતિલ ઠંડીને કારણે અને માઈનસ તાપમાન થઈ ગયું હોવાથી વિખ્યાત દાલ સરોવર સહિત અનેક સ્થળે ઝરણા અને તળાવ અને સરોવર થીજી ગયા છે અને બરફની પાટ બની ગયા છે. શ્રીનગરમાં તો અનેક વિસ્તારોમાં પાણીની પાઈપલાઈન પણ જામી ગઈ હતી અને અંદર જામ પાણીનો બરફ થઈ ગયો હતો. ઠંડીની મોસમને કારણે અને ધ્રુજાવી દેતી ઠંડીને કારણે શરદી અને સળેખમની બીમારીનું પ્રમાણ એકદમ વધી રહ્યું છે. પ્રવાસન ધામ સેવા દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં -૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે ગઈ રાત્રી કરતા પણ ઓછું રહ્યું હતું. કાશ્મીરના વિખ્યાત બરફીલા પહાડો ઉપર સરકવાની રમતની મોજ માણવા માટે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને માટેનું સ્કીમ રિસોર્ટ કહેવાતા ગુલમર્ગમાં માઈનસ પાંચ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જયારે સૌથી ઠંડુ વાતાવરણ પામપોર શહેરની બહાર આવેલા એક ગામ કોની બાલમા - ૮.૪ ડિગ્રી નોંધાયું હતું જયારે કાઝી ગુંડમાં -૭ ડિગ્રી, કુપવાડામાં -૬.૨ ડિગ્રી જેવું તાપમાન નોંધાયું હતું. હવામાન ખાતાએ એવી પણ આગાહી કરી છે કે ૨૭ ડિસેમ્બરની રાતથી ૨૮ ડિસેમ્બરની સવાર સુધી હળવી હિમવર્ષા પણ થઈ શકે છે.

## યુપીમાં દલિત બાળકોને માર મારવા બદલ શિક્ષિકા સસ્પેન્ડ

આગ્રા, તા.૨૪

મૈનપુરી જિલ્લાના કુરાવલી વિકાસ બ્લોકના રીચપુરા ગામમાં એક સરકારી શાળાના શિક્ષિકાને દલિત વિદ્યાર્થીઓને કથિત રીતે માર મારવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, જોકે આ ઘટના લગભગ ૧૦ દિવસ પહેલા બની હતી પરંતુ તે ત્યારે જ ધ્યાનમાં આવી જયારે બાળકોના માતાપિતાએ તેમના બાળકોના શરીર ઉપર ઈજાઓ જોઈ અને ચિંતા વ્યક્ત કરી હતી. માતાપિતાએ આક્ષેપ કર્યો હતો કે અનિતા ગુપ્તા કે જે ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓને ભણાવે છે તે ‘નિયમિતપણે તેમના બાળકોને નજીવી બાબતો ઉપર મારતા હતા અને અવારનવારબાળકો સાથે દુર્વ્યવહાર કરતી હતી’. આરોપો બાદ જિલ્લા પ્રશાસને આ મામલે તપાસ શરૂ કરી હતી. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે ગુપ્તાએ વિદ્યાર્થીઓ ઉપર શારીરિક હુમલો કર્યો હતો. જો કે, તેઓએ કહ્યું કે ‘જાતિવાદી ટિપ્પણીના આરોપોને સમર્થન આપતા કોઈ પુરાવા મળ્યા નથી’. શિક્ષા અધિકારી, દીપિકા ગુપ્તાએ કહ્યું હતું કે, “બાળકોના વીડિયો સોશિયલ મીડિયા ઉપર સામે આવ્યા હતા, જેમાં આરોપ છે કે શિક્ષકે વિદ્યાર્થીઓ ઉપર હુમલો કર્યો હતો. જો કે, તપાસમાં તેના ઉપરના જાતિ સંબંધિત આરોપોની પુષ્ટિ થઈ નથી. તેમણે કહ્યું કે, શિક્ષિકા વિદ્યાર્થીઓ ઉપર શારીરિક હુમલો કરવા બદલ દોષી સાબિત થઈહતી, જેના કારણે સસ્પેન્ડ કરવામાં આવી છે

## કર્ણાટકના આરોગ્ય વિભાગે ૨૬ દવાઓને ખોટી બ્રાન્ડની ‘નકલી’ દવાઓ જાહેર કરી

(એજન્સી) તા.૨૪

કર્ણાટકના આરોગ્ય વિભાગે એવી ૨૬ દવાઓ ઓળખી કાઢી છે જેમાં આઠ નકલી અથવા બનાવટી અને ૧૮ ખોટી બ્રાન્ડેડ દવાઓ છે. જે એસિડિટી, દર્દથી રાહત, કોલેસ્ટ્રોલ, આયર્નની ઉણપ અને નાક બંધ હોવાની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે. આ દવાઓ ખરીદતાં પહેલા કર્ણાટક સરકારે લોકોને એલર્ટ કરી દીધા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ દવાઓ ડ્ર્ગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના ઉલ્લંઘન કરીને બનાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે માત્ર એક વર્ષમાં, પાંચ ફાર્માસ્યુટિકલ્સને સલામતી ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવી છે. ૧૨ કેસ સુનાવણીના વિવિધ તબક્કામાં છે. વિભાગ દ્વારા ઓળખવામાં આવેલી ૨૬ દવાઓમાં ફાર્મા કંપનીઓએ ઓછા પ્રમાણભૂત રસાયણોનો ઉપયોગ કર્યો છે કે કેમ તે જાણવા માટે તપાસ ચાલી રહી છે. ૨૬ દવાઓમાંથી ૧૦ દવાઓ નાક બંધ કે શરદીને દૂર કરવા માટે વપરાતી દવાઓ કાયદાનું ઉલ્લંઘન કરતી હોવાનું જાણવા મળ્યું હતું. આંખના બળતરા ઘટાડવા અને શુષ્ક આંખોની સારવાર માટે ઉપયોગમાં લેવાતી ચાર દવાઓ, પીડા, બળતરા અને સંધિવા અને એલર્જી જેવી સ્થિતિની સારવાર માટે વપરાતી બે દવાઓ નકલી અથવા ખોટી બ્રાન્ડેડ દવાઓ તરીકે ઓળખવામાં આવી છે વિભાગને ફોલિક એસિડ (આયર્ન સપ્લિમેન્ટ) અને મલ્ટીવિટામિન દવાઓના ત્રણ નમૂનાઓ મળ્યા હતા જે ગ્લુકોમા અને ઉચ્ચ આંખના દબાણની સારવાર માટે તેમજ કીમોથેરાપી અથવા સર્જરીને કારણે થતી ઉબકા અને ઉલટીને રોકવા માટે સૂચવવામાં આવી હતી. આરોગ્ય વિભાગ ખોટી બ્રાન્ડિંગ કરતી કંપનીઓ અને જો તે નુકસાનકારક હોય તો તેની સામે કેસ કરે છે. તે તેમને દંડ કરી શકે છે, પરંતુ ડ્રગ સુરક્ષિત હોય તેવા કિસ્સામાં લેબલિંગની ભૂલો જેવી ભૂલો માટે કેસ દાખલ કરી શકે નહીં. વધુમાં, જો કોઈ કંપની કોઈ ઉત્પાદનને રિકોલ કરે છે, તો વિભાગ ચે[illegible]

(અનુસંધાન [illegible])

# બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત બંધાળા ખાતે 'ખાસ મહિલા ગ્રામસભા'નું આયોજન



જૂનાગઢ, તા.૨૪

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત 'ખાસ મહિલા ગ્રામ સભા'નુંઆયોજન બંધાળા ગ્રામપંચાયત ખાતે જિલ્લાપંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ હરેશભાઈ ઠુંમરે ગ્રામસભા અને ખાસ મહિલાઓની ભૂમિકા અને આજની ઝડપી દિનચર્યામાં પોતાનું અને પરિવારનું તંદુરસ્ત સંચાલનની સાથે ગામના કાર્યોમાં પણ ભાગીદાર થવા અને સરકારી યોજનાઓનો લાભ મેળવી સ્વસહાય જૂથની બહેનોને પ્રગતિ કરવા જણાવ્યુ હતું. DHEWનાં મિશન કોર્ડીનેટર કૃપાબેનખુંટ દ્વારા મહિલાઓને મળેલ બંધારણીય હક્કો, ફરજો અને પંચાયતોના અધિકારો વિશે ચર્ચા કરી આજના આપુરુષ પ્રધાન સમાજમાં મહિલાઓની ભાગીદારી અને સમાનતા હક્કો તેમનું સામજિક સ્થાન અને પંચાયતી રાજમાં મહિલાઓના સ્થાન અનામત જોગવાઈઓ તેમજ બાલિકા પંચાયતમાં દીકરીઓની ભૂમિકાના સમાવેશ કાર્યો, એજન્ડા, ઠરાવો વગેરે વિશે માહિતી આપી હતી. ત્યાર બાદ મહિલાઓને OSC નાં કેન્દ્ર સચાલક અંકિતાબેન દ્વારા ઘરેલું હિંસા, મહિલાલક્ષી કાયદા, સાયબરક્રાઈમ, સખીવનસ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, સ્વાવલંબન યોજના વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત બાલિકા પંચાયતનાં સરપંચ, ઉપસરપંચ અને સભ્યો સાથે સંવાદ કરી બાલિકા પંચાયતની શું કામગીરી છે તે માટેની માહિતી આપવામાં આવી. તેમાં ખાસ મહિલા ગ્રામસભાનું આયોજનનો હેતુ ઉપસ્થિત મહિલાઓને ઉપરોક્ત વિષય અન્વયે માહિતગાર કરવાનું અને ક્ષમતા નિર્માણ કરવાનું હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય અનકભાઈ ભોજક, સરપંચ ચંપાબેન ગોંડલીયા, તલાટીકમ મંત્રી ખ્યાતિબેન તથા ગ્રામ પંચાયતના સભ્ય હાજર રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના ચોરવાડ ખાતે 'Sunday On Cycle' કાર્યક્રમમાં ૭૦ જેટલા સાઈકલીસ્ટો જોડાયા





જૂનાગઢ, તા.૨૪

મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડીયમમાં તા.૧૭/૧૨/૨૦૨૪ના રોજ ૫૦૦થી વધુ ઉત્સાહી સાઈકલીસ્ટોની હાજરીમાં માન.કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રીશ્રી દ્વારા "ફીટ ઈન્ડિયા સાયકલીંગ ડ્રાઈવ" શરુ કરવામાં આવેલ, આ કાર્યક્રમ દરમ્યાન "Sunday On Cycle Campaign" ની શરૂઆત કરવામાં આવી. જેમાં વ્યક્તિગત અને સમુહોને દરેક રવિવારે સાઈકલ ચલાવવાની પ્રેરણા આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો. વધતા જતા હવામાન પ્રદુષણના પડકાર સામે સાઈકલિંગ શ્રેષ્ઠ ઉકેલ તરીકે જોવામાં આવી રહેલ છે. જેથી આ અભિયાન 'Green India Fit India' અભિયાન માટે પ્રેરક તરીકે કાર્ય કરશે. જે અંગે જાગૃતિ ફેલાવવા માટે જૂનાગઢ જીલ્લામાં "Sunday On Cycle" કાર્યક્રમનું આયોજન તા.૨૨/૧૨/૨૦૨૪ના રોજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની ઈન્સ્કુલ યોજના અંતર્ગત ચાલતી શેઠ જી.મો.વિનય મંદિર ચોરવાડ થી હોલીડે કેમ્પ સુધી થયેલ હતું. જેમાં ૭૦ જેટલા સાઈકલીસ્ટો જોડાયા હતા. તેમજ 'Green India Fit India' અભિયાન દ્વારા સાઈકલીગ કરવા અને વધતા જતા હવામાન પ્રદુષણને રોકવા આ આયોજન કરવામાં આવ્યું હતું. જેની સત્તાવાર યાદી ભૂષણ કુમાર યાદવ, જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવી હતી.

# ડો.સુભાષ મહિલા કોલેજ જૂનાગઢ ખાતે વિદ્યાર્થીઓ માટે ઉદ્યમિતા સાહસિક્તા તાલીમનું આયોજન





જૂનાગઢ, તા.૨૪

ડો.સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢ ખાતે એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ટ્રેનિંગ બેચ નં. ૩૩નું તા.૨૩-૧૨-૨૦૨૪ થી તા.૨૮-૧૨-૨૦૨૪ સુધી આયોજન કમિશનર ઓફ હાયર એજ્યુકેશન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ વિવિધ વિષયો પર જુદા જુદા વિદ્વાન વકતાઓ દ્વારા અધ્યતન તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં જૂનાગઢ, ભેસાણ, માળીયા હાટીના અને કેશોદના વિદ્યાર્થીઓ જોડાયા છે.

આજના વિદ્યાર્થીઓમાં નોકરી સિવાયના સ્વતંત્ર રોજગાર વ્યવસાયના વિચારો પ્રગટે અને તેમાં કઈ રીતે આગળ વધી શકાય.આજના સમયમાં કયા વ્યવસાયની વધુ માંગ છે, તે વિકસાવવા માટે કેવા કૌશલ્ય જોઈએ, કઈ જગ્યાએ થી ફંડિંગ પ્રાપ્ત થાય તથા નવા આયોજનની રૂપરેખા કઈ રીતે બનાવી શકાય. આવા બધા વિષયો પર જુદા જુદા વક્તાઓ પાંચ દિવસ તાલીમાર્થીને તાલીમ આપશે. આ તાલીમ શિબિરનું ઉદઘાટન આચાર્યશ્રી ડો.બલરામ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમને પોતાના વક્તવ્યમાં ડૉ.સુભાષ એકેડેમીની આગવી શિક્ષણ પરંપરા વિષે જણાવી ઉદ્યોગ સાહસિકતાના મહત્વને સમજાવ્યું હતું. સોરઠ વિસ્તારની આ કોલેજોના ૬૦ થી વધુ વિદ્યાર્થીઓ આ તાલીમ લઈ પોતાને રસના વિષયમાં આગળ વધુ વિચારતા થાય અને આગળ વધે એવી આશા સાથે તાલીમ યોજવામાં આવી છે. તાલીમના પ્રથમ દિવસે હેતલ પાઠકએ આ તાલીમ વિશેની સમજ સાથે તેની ઝીણવટભરી માહિતી પૂરી પાડી કહ્યું હતું કે આપ સહુ તાલીમાર્થી પાંચ દિવસના અંતે ઘણું પ્રાપ્ત કરી નવા વિચારો કરતા થઈ જશો અને તમારા મિત્રમંડળને પણ કહેતા આનંદ અનુભવશો.

# શ્રી ખોડલધામ સૌરાષ્ટ્રનું મહત્વનું તિર્થધામ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

**ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ ખોડલધામમાં મા ખોડલના દર્શન કર્યા : ચેરમેન નરેશભાઈ પટેલ દ્વારા પૂજ્ય ભાઈનું સ્વાગત કરાયું**

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ, તા.૨૪

જાણીતા ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા આજ રોજ તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ રાજકોટના જેતપુર તાલુકાના કાગવડ ગામ પાસે આવેલા વિશ્વ પ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. આ તકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું ભાવથી સ્વાગત કર્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ શ્રી ખોડલધામ મંદિરે પધારીને મા ખોડલના દિવ્ય દર્શન કર્યા હતા. આ તકે નરેશભાઈ પટેલઅને ટ્રસ્ટીઓએ પૂજ્ય ભાઈને ખોડલધામનો ખેસ અને પુષ્પમાળા પહેરાવી મા ખોડલની પ્રતિમા અર્પણ કરી હતી. સાથે જ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાને શ્રી ખોડલધામ મંદિર પરિસરની મુલાકાત કરાવી હતી. સાથે જ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કરવામાં આવી રહેલા સેવાકાર્યોની અને ટ્રસ્ટ દ્વારા સ્થાપિત કરાયેલી વિશ્વ રેકોર્ડ્સની માહિતી આપવામાં આવી હતી. આ તકે શ્રી ખોડલધામ મંદિરે દર્શનાર્થીઓ માટે ઉભી કરવામાં આવેલી સુવિધા અને વ્યવસ્થા જોઈને પૂજ્ય ભાઈશ્રીએ મેનેજમેન્ટને બિરદાવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે, કાગવડમાં આપના દ્વારા મા ભગવતીને પ્રતિષ્ઠિત કર્યા છે તે જોઈને મન ખૂબ જ પ્રસન્ન થાય છે. ખોડલધામ આજે સૌરાષ્ટ્રનું મહત્વનું તિર્થધામ બની ગયું છે. લોકો દ્વારકા અને સોમનાથ દર્શન કરે એ રીતે ખોડલધામમાં દર્શન કર્યા વગર યાત્રા અધુરી છે. શ્રી ખોડલધામ મંદિરમાં તમામ માતાજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે તે પણ સારી બાબત ગણાવી હતી. આ તકે નરેશભાઈ પટેલે પૂજ્ય ભાઈનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પૂજ્ય ભાઈશ્રી સમય લઈને શ્રી ખોડલધામ મંદિરે પધાર્યા છે ત્યારે શ્રી ખોડલધામનું આંગણું પવિત્ર બન્યું છે.

# રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા આયોજિત પદનિયુક્તિ સમારોહ



જામનગર, તા.૨૪

રાષ્ટ્રીય પરશુરામ સેના સનાતન ધર્મ અને હિન્દુત્વની ભાવના સાથે રાષ્ટ્રીય સ્તરે છેવાડાના માનવી સુધી સાથ સહકાર સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરી રહી છે. તારીખ ૨૧ ડિસેમ્બરનાં રોજ હરિયા સ્કૂલ - જામનગર ખાતે નવનિયુક્ત પદાધિકારીઓનો સ્વાગત અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.

જામનગર ૭૮ વિધાનસભાનાં ધારાસભ્ય શ્રીમતી રિવાબા જાડેજાનાં હસ્તે દીપ પ્રાગટય સાથે કાર્યક્રમની સુંદર શરૂઆત કરવામાં આવી હતી. નારી શક્તિ અને ઘરથી લઈ સમાજમાં અને બિઝનેસથી લઈને રાષ્ટ્રીય સ્તરે રાજકારણમાં પણ મહત્વના યોગદાન વિશે વાત કરતા ધારાસભ્ય શ્રીમતી રીવાબા જાડેજા દ્વારા તમામ નવનિયુક્ત ભાઈઓ અને બહેનોને શબ્દોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં ત્યારબાદ રાષ્ટ્રીય સલાહકાર નિખિલભાઈ ભટ્ટનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશેષ રૂપથી અતિ મહત્ત્વની જવાબદારી તરીકે રાષ્ટ્રીય સ્તરે નિખિલભાઈ ભટ્ટ ને રાષ્ટ્રીય પ્રભારી તરીકેની અલગથી નવી જવાબદારી સોંપવા બદલ ગુજરાત પ્રદેશ મહિલા અધ્યક્ષ આશાબેન જોશી, સૌરાષ્ટ્ર અધ્યક્ષ દર્શાબેન જોશી તેમજ તમામ ઉપસ્થિત મહેમાનો અને અંદાજીત ૧૮૦ નવાં કારોબારી સમિતિના સભ્યો દ્વારા પાઘડી પહેરાવી સ્ટેન્ડિંગ તાળીઓ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર અધ્યક્ષ દર્શાબેન જોશી દ્વારા સરળ અર્થમાં સંસ્થાનો પરિચય આપવામાં આવેલ ત્યારબાદ વિધાનસભા ૭૯નાં લોકલાડીલા ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીનાં આગમનથી કાર્યક્રમમાં ઉત્સાહમાં વધારો જોવા મળ્યો હતો અને દિવ્યેશભાઈ અકબરીનાં માર્ગદર્શન હેઠળ ૫ મુદાઓને જીવનમાં કેવી રીતે અમલમાં મૂકવા અને પ્રજા અને સરકાર વચ્ચેના તાલમેલને સરળતાથી વિકાસનાં માર્ગે કેવી રીતે લઈ જવા વિશેની સંપૂર્ણ માહિતી આપી સુન્દર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તબક્કે ગુજરાત પ્રદેશ મિડિયા અધ્યક્ષ ભાર્ગવભાઈ ઠાકર દ્વારા સંગઠનના કાર્યોની સમીક્ષા અને આગામી ૦૧-જાન્યુઆરી-૨૦૨૫ થી ૩૧-માર્ચ-૨૦૨૫ સુધી રાષ્ટ્રીય પરશુરામ સેના સદસ્યતા અભિયાનની વાત મૂકી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

સંસ્થાનાં આ કાર્યક્રમને સફળ બનાવવા સૌરાષ્ટ્ર સંગઠન મંત્રી અવનીબેન ત્રિવેદી, સૌરાષ્ટ્ર પ્રભારીશ્રી મિત્તલબેન શુક્લા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ રેખાબેન જોશી, જામનગર જિલ્લા પ્રભારી શોભનાબેન ત્રિવેદી, જામનગર જિલ્લા પ્રભારી ભરતભાઈ પંડ્યા, જામનગર જિલ્લા પ્રમુખ રૂપલબેન ઠાકર, જામનગર શહેર પ્રભારી હિતેશભાઈ શુક્લા અને જામનગર જિલ્લા અધ્યક્ષ કીર્તિભાઈ દવે દ્વારા જહેમત ઉઠાવી હતી. સ્ટેજ પરથી કાર્યક્રમનું સુંદર સંચાલન ડો. સોનલ જોશી, ચાંદનીબેન ઠાકર અને સુરભિ પુરોહિત દ્વારા કરવામાં આવેલ હતું.

# પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડ દ્વારા 'ખેડૂત દિવસ' ની ઉજવણી



જૂનાગઢ, તા.૨૪

ભારત દર વર્ષે ૨૩ ડિસેમ્બરે રાષ્ટ્રીય ખેડૂત દિવસ, જેને કિસાન દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે દેશની પ્રગતિના અભિન્ન અંગ એવા ખેડૂતોનું સન્માન કરવા માટે ઉજવે છે. આ દિવસને ભારતના પાંચમા વડા પ્રધાન ચૌધરી ચરણ સિંહના જીવન અને સિદ્ધિઓને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉજવવામાં આવે છે, જેમની ખેડૂતોના અધિકારો માટેની ભલામણના કારણે તેમના જન્મદિવસને ખેડૂતોને સમર્પિત દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

આચાર્ય, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢનાં માર્ગદર્શન મુજબ પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભૂતવડ દ્વારા 'ખેડૂત દિવસ'ની ઉજવણી પ્રસંગે, આજ રોજ ગામ. ભુતવડ તા. ધોરાજી જિ. રાજકોટ માં પશુપાલકો સાથે જૂથ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભુતવડ ગામના પશુપાલકોને દુધાળ પશુઓનાં આહારમાં ક્ષાર મિશ્રણ (મિનરલ મિક્સચર)ની જરૂરિયાત તેમજ દૂધ ઉત્પાદનમાં ક્ષાર મિશ્રણનું કેટલું મહત્વ છે આ બાબત પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ નાં પશુધન ઉત્પાદન વ્યવસ્થાપન વિભાગના પ્રાધ્યાપક અને વડા તથા ઈન્ચાર્જ આચાર્ય ડો. મહેશભાઈ ગડરિયા દ્વારા વૈજ્ઞાનિક માહિતી ખેડૂતોને જૂથ ચર્ચામાં આપવામાં આવી અને તેમના વરદ હસ્તે ઉપસ્થિત ખેડૂતોને પશુઓના આહાર માટે ક્ષાર મિશ્રણ (મિનરલ મિક્સચર)નાં પેકેટનું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઉજવણી કાર્યક્રમના આયોજનમાં પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડ નાં નોડલ ઓફિસર- ડો. સુરેન્દ્ર સાવરકર દ્વારા ખેડૂત દિવસની ઉજવણી બાબત ખેડૂતોને શરૂઆતમાં માહિતી આપી અને છેલ્લે આભારવિધિ કરવામાં આવી હતી. કોલેજના વિસ્તરણ વિભાગના અંકુર દેસાઈ, પશુધન નિરીક્ષક, દ્વારા આયોજનમાં વિશેષ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ભુતવડ ગામના સરપંચ, ખેડૂતો, યુવાઓ જોડાયા હતા. તેમ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવાયુ હતું.

# સુદર્શન સેતુના ઓખા તરફ આવેલા છેડેથી શ્રી દ્વારકાધીશ મંદીર બેટ સુધી ભારે વાહન તથા ખાનગી બસો ઉપર પ્રતિબંધ લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૨૪

આગામી નાતાલના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે તેમને મળેલ સત્તાની રૂએ તા.૩૧-૧૨-૨૦૨૪ સુધી સુદર્શન સેતુના ઓખા તરફ આવેલા છેડેથી શ્રી દ્વારકાધીશ મંદીર બેટ સુધી ભારે વાહન, ટ્રક તથા ખાનગી બસોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

કલેકટર કચેરી અથવા પોલીસ અધિક્ષક, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનોને તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહિં. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# દીવ ક્રિસમસમાં આવતા લોકોને હેરાનગતિ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

દીવ ક્રિસમસમાં આવતા ટુરિસ્ટ ફરવા આવતા હોય છે પણ દીવ ઘોઘલાના બીયર બાર બંધ હાલતમાં જોવા મળે છે. દારૂ માટે વાઈન શોપમાં દારૂ માટે લાઈનો લાગે છે. આધાર કાર્ડ બતાવી એક કે બે બોટલ આપી કલાકો સુધી લોકોને લાઈનોમાં ઉભું રહેવું પડે છે. ગવર્મેન્ટના નિયમના પાલન કરવામાં બહારના ટુરિસ્ટને ખૂબ જ હેરાન કરતી થાય છે જેથી કરી બહારના ટુરિસ્ટ દિવ આવવાનું ટાળવા મંડ્યા છે જેથી કરી દીવ વિકાસ કરવા બદલે દીવ ફરવા આવતા લોકો હવે આવતા નથી ધંધા રોજગાર સ્થાનિક પણ કંટાળી ગયા છે. એવામાં રોડ રસ્તા એટલા ખરાબ છે કે ફરવા આવતા લોકો પણ કંટાળી જાય છે. દીવ ફરવા આવતા લોકોને શૌચાલયની પણ સુવિધા કોઈ ફરવાના સ્થળ પણ મળતી નથી પાર્કિંગ ચાર્જ પણ ઠેર ઠેર લૂંટવા મંડ્યા છે જેથી ટુરીઝમાં દીવ ફરવા માટે ભાંગી ગયું છેને સ્થાનિકના ધંધા રોજગાર પણ થપ થઈ ગયા છે.

# વેરાવળમાં પાલીકાનું બુલડોઝર ધણધણયું : ૩.૫ કરોડની ૩૫૮૪ ચો.મી. સરકારી જગ્યા ખુલ્લી કરાવાઈ

## વરસાદી પાણી વહેણ રોકતા સરકારી જગ્યા ઉપર બનેલા ૪૫ પાકા મકાનો દુર કરાયા : ડીમોલેશનને લઈ પોલીસે બંદોબસ્ત ન ફાળવતા ચકચાર






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૪

વેરાવળની શાહીગરા કોલોનીમાં સરકારી જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે બની ગયેલા ૪૫ પાકા મકાનો ઉપર પાલીકા તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ છે. આ ડીમોલેશનની કામગીરી અંતર્ગત ૩.૫ કરોડની ૩૫૮૪ ચો.મી. (૧૦ હજાર ગજ) જેવી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. આ મેગા ડીમોલેશનની કામગીરી માટે પાલીકા તંત્રએ લેખિતમાં માંગેલ હોવા છતાં પોલીસ તંત્રએ બંદોબસ્ત ન ફાળવતા અનેક સવાલો ઉભા થયા છે. જો કે, પાલીકાએ નિર્ધારિત આયોજન મુજબ ડીમોલેશનની કામગીરી પુર્ણ કરી છે. આ અંગે પાલીકાના અધિકારી જેઠાભાઈ સોલંકીએ જણાવેલ કે, વેરાવળના વોર્ડ નં.૬ માં શાહીગરા કોલોનીમાં મહેક સ્કુલની બાજુમાં રેલ્વેની દિવાલને અડીને આવેલ પડતર સરકારી જમીન ઉપરથી નિકળતા વરસાદી પાણીના વેણમાં ૪૫ જેટલા પાકા મકાનો ગેરકાયદેસર રીતે બની ગયેલ જેને દુર કરવા માટે મામલતદાર દ્વારા સ્થળ મુલાકાત કરીને કબ્જા ધારકોને અઠવાડીયામાં મકાનો હટાવવા સુચના આપેલ તેમ છતાં કોઈએ હટાવ્યા ન હતા. જેથી ડીમોલેશન કરવાનું પાલીકાએ આયોજન કરેલ જે મુજબ આજે સવારે પાલીકાનો સ્ટાફ ૬ જેસીબી અને ૨૨ ટ્રેક્ટરો સાથે દબાણો હટાવવા પહોચી ગયો હતો. જ્યાં સરકારી જમીનમાં ગેરકાયદેસર બની ગયેલા બાંધકામો ઉપર પાલીકાના બુલડોઝરો ફરી વળ્યા હતા. આ કામગીરીમાં ૪૫ જેટલા પાકા મકાનો દુર કરીને ૩૫૮૪ ચો.મી.(૧૦ હજાર ગજ) સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. આ જમીનની બજાર કિંમત રૂ.૩.૫ કરોડ જેવી થાય છે. આ જમીન ઉપરના મકાનો સાહિતના દબાણો દુર થતા આ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણી ભરાવવાની સમસીયા મહદઅંશે હલ થઈ જશે તેવી આશા છે.

**પોલીસે કેમ બંદોબસ્ત ન ફાળવ્યો ?**

પાલીકા અધિકારી જેઠાભાઈ સોલંકીએ જણાવેલ કે, ડીમોલેશનની કામગીરી સમયે સરકારી ખર્ચે પોલીસ બંદોબસ્ત ફાળવવા તા.૧૯ ડીસે. ના રોજ પોલીસવડાને પત્ર લખીને માંગણી કરી હતી. તેના બીજા દિવસે પોલીસને તમામ પ્રકારની બાંહેધરી પણ આપવામાં આવી હતી. તેમ છતાં ડીમોલેશનના અંતિમ સમયે સીટી પોલીસે બંદોબસ્ત ફાળવવાની ના પાડી દીધી હતી. જે જવાબ અમારા માટે પણ અચરજ સમાન હતો. જો કે, પોલીસના રક્ષણ વગર પણ પાલીકાએ આયોજન મુજબ ડીમોલેશનની કામગીરી હાથ ધરી હતી.

# દ્વારકામાં નાતાલ પૂર્વે જ યાત્રીકોનો પ્રવાહ : પખવાડિયામાં લાખો ભાવિકો મુલાકાત લેશે હોટેલ ગેસ્ટાઉસ-ભવન-ધર્મશાળાઓ ફુલ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૪

ગત વીકેન્ડથી અનઓફીશીયલી શરૂ થઈ ગયેલા ક્રિસમસના વેકેશનમાં યાત્રાધામ દ્વારકા સહેલાણીઓની પ્રથમ પસંદ બની રહયુ છે. ખાસ કરીને ગુજરાતીઓ માનીતા પ્રવાસન સ્થળ તરીકે દ્વારકાધીશના દર્શનની સાથોસાથ શીવરાજપુર બીચ, સુદર્શન સેતુનો લુત્ફ ઉઠાવવા દ્વારકા પ્રવાસને પ્રાધાન્ય આપી રહયા છે.આમ તો હવે વર્ષ દરમ્યાન દ્વારકામાં યાત્રાળુઓનો પ્રવાહ જોવા મળતો હોય છે પરન્તુ જન્માષ્ટમી, દિપાવલી, ફુલડોલ ઉત્સવ તથા ક્રિસમસના વેકેશનમાં દર્શનાર્થીઓ સાથે સહેલાણીઓનું ઘોડાપુર ઉમટતું હોય તે રીતે આગામી દિવસોમાં દ્વારકા બેટ દ્વારકામાં યાત્રીકો તથા સહેલાણીઓ ઉમટી પડશે.

**દ્વારકાધીશ મંદિરમાં ઠાકોરજીને વિશેષ મનોરથ દર્શન**

નાતાલની તહેવારની સીઝનમાં દ્વારકાધીશ જગતમંદિરમાં દરરોજ ચઢાવવામાં આવતી છ ધ્વજાજીમાં પણ વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ અને સમાજશ્રેષ્ઠીઓની ધ્વજાજી ચઢાવવામાં આવનાર હોય તેમજ આ તહેવારોમાં ઠાકોરજીને કુંડલા ભોગ, છપ્પન ભોગ, કુનવારા ભોગ, સુકા મેવા મનોરથ વિગેરે મનોરથો પણ યોજાનાર હોય જગતમંદિરમાં હજારો દર્શનાર્થીઓને વિવિધ મનોરથોનો વિશેષ માહોલ જોવા મળશે.

# તાલાળા તાલુકાના પિખોર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થતા આજુબાજુના ૧૫ ગામના લોકોમાં આનંદની લહેર



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને મંજૂરી આપવામાં આવી છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના પિખોર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર. વસ્તી અને વિસ્તારના ધોરણો ઉપરાંત જીઓ સ્પેશિયલ એનાલિસિસ અને તાલુકાના બીજા આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઇ નવા ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં તેમણે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો(P.H.C)ને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના પિખોર ગામે પીએચસી મંજૂર થતા પિખોર ગામ તેમજ આસપાસના ગ્રામ્ય લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીના ગીર સોમનાથ જિલ્લાના પૂર્વ મહામંત્રી વજુભાઈ વાજા દ્વારા વર્ષ ૨૦૨૧ દરમ્યાન આરોગ્ય મંત્રી, ઋષિકેશભાઈ પટેલ સાહેબને પિખોર ગામે પીએચસી મંજૂર કરવા એક પત્ર લખીને રજુવાત કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈ આરોગ્ય મંત્રાલય દ્વારા જે phc મંજૂર કરવામાં આવ્યું છે. આતકે વજુભાઈ વાજા એ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે પીખોર ગામે આરોગ્ય કેન્દ્ર મંજુર થતા આજુબાજુમાં આવેલ ગામો ગુંદાળા, સેમળીયા, રાયડી, જમાલપરા, વિઠ્ઠલપુર, વડાળા, જાવંત્રી, લીમધ્રા સહિતના ગ્રામ્ય લોકોને સુવિધાઓ મળી રહે છે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને લોક ઉપયોગી બનાવવા આ કેન્દ્ર મહત્વનું બની રહેશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોટરી ટેક્નિશિયન, જુનિયર ફાર્માસિસ્ટ, સિનિયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની પણ નિમણૂક કરાય છે.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# માંગરોળ બંદરેથી શંકાસ્પદ કબુતર મળી આવ્યું




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૪

માંગરોળ બંદરેથી ગત રાત્રીના પગમાં નંબરો લખેલું ટેગ અને પાંખોમાં અજાણી ભાષામાં કશુંક લખેલું શંકાસ્પદ કબુતર મળી આવતા ભારે રહસ્ય સર્જાયું હતું. કબુતર મરીન પોલીસને સોંપી દેવાયા બાદ ડીવાયએસપી દિનેશ કોડીયાતરે જણાવ્યું હતું કે નેવી ઈન્ટેલિજન્સ, કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓના મતે આ રેસિંગવાળા કબુતરો પૈકીનું એક છે. તપાસમાં કશું વાંધાજનક મળ્યું નથી. તેમ છતાં આ બાબતે ઝીણવટભરી તપાસ ચાલુ છે. રવિવારે રાત્રે જુના બંદર વિસ્તારમાં યુવાનોની નજરે શંકાસ્પદ હાલતમાં કબુતર નજરે પડ્યું હતું. પગમાં ટેગ મારેલું કબુતર થાકેલું હોય, ઉડી શકતું ન હતું. યુવાનોએ તેને પકડી તપાસતા એક પગમાં પીળા કલરના ટેગમાં આંકડામાં ૩૦૫૧૧૫ તેમજ ૨૦૨૪ લખેલું હોવાનું તથા તેના બીજા પગમાં પણ કોઈ વસ્તુ હોવાનું ધ્યાને આવ્યું હતું.

કબુતરની પાંખોમાં અજાણી ભાષામાં કશુંક લખેલું હતું. ત્યારબાદ આ અંગે મરીન પોલીસને જાણ કરવામાં આવી હતી અને કબુતર પોલીસને સોંપી દેવાયું હતું. દરીયાકાંઠે શંકાસ્પદ હાલતમાં કબુતર મળી આવતા મામલાની ગંભીરતા પારખી પોલીસ સતર્ક થઈ હતી. આજે દિવસભર મરીન પીઆઈ જાદવ, ડીવાયએસપી કોડીયાતર, એસઓજી ઉપરાંત કોસ્ટગાર્ડ, નેવી સહિતનાઓ વચ્ચે સંકલન સાથે તપાસનો ધમધમાટ સતત ચાલુ રહ્યો હતો. પોલીસના મતે પ્રાથમિક તબક્કે કોઈ જાસુસી એંગલ કે વાંધાજનક કહી શકાય તેવું જણાતું નથી. જે તે વિસ્તારમાં કબુતરોની યોજાતી હરીફાઈ દરમ્યાન આ કબુતર અહીં આવી ચઢ્યું હોવાની શક્યતા છે.


## :: અવસાન નોંધ ::

રાજકોટ : નિલેશ(બિટ્ટુ) કારીયા જેઓ સ્વ. રમેશભાઈ વૃજલાલ કારીયાના સુપુત્ર, વિજયકુમાર અમૃતલાલ પૂજારાના જમાઈ, રૂપલ કારીયાના પતિ, નીલ, ઝીલના પિતાશ્રી, દિપાલી મોદી અને મયુરી(માનસી) બુધ્ધદેવના ભાઈ, ઉમેશ મોદી, વિક્કી બુધ્ધદેવના સાળાનું દુઃખદ અવસાન ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ થયેલ છે. સદગતનું બેસણું ગુરૂવાર ૨૬ ડિસેમ્બરના ૨જ સાંજે ૪થી ૫ વાગ્યે પંચનાથ મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

# માણાવદર : આચાર્ય શ્રીમદ વિઠ્ઠલેશપ્રભુચરણ(ગુસાઈજી)ના ૫૧૦માં પ્રાગટય મહોત્સવ પુષ્ટી પંચ દિવસીય સત્સંગમાં સમીયાણા ટુંકા પડ્યા

## ૮ હજાર વૈષ્ણવો ઉમટી પડયા : પ્રસાદમાં ૮ હજારથી વધુ વૈષ્ણવોને એક સાથે પ્રસાદ લેવડાવી અનેરૂ આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૪

માણાવદર જ નહી પરંતુ દેશ-વિદેશમાં જેમને પુષ્ટી માર્ગ એટલે કે વૈષ્ણવ ધર્મને લોકોસુધી સાચી સમજ આપી એક અનેરી ધર્મની ધજા ફરકાવી છે. તેમની નામના દેશ-વિદેશમાં આજે છે તેવા સર્વોતમ સેવા સંસ્થાનના સ્થાપક વૈષ્ણવાચાર્ય શ્રીમાન પરાગકુમારજી મહોદયએ છેલ્લા અનેક વર્ષથી માણાવદર પથંકમાં વૈષ્ણવ ધર્મ અંગે લોકોને વચનામૃત સત્સંગ સભાઓ કરી સમજ આપી ધર્મની ધજા ફરકાવી છે. તેવા જ વૈષ્ણવ પુષ્ટી માર્ગીય ગુસાઈજીના ૫૧૦માં પ્રાગટય મહોત્સવનું ભવ્યતીભવ્ય આયોજન કરાયું છે. જેમાં તા.૨૨-૧૨-૨૪ના એક સાથે સમુહ માલા પહેરામણી મનોરથ તથા દાતાઓના સન્માન, લોટી ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. સમુહ માલા પહેરામણી કરી જેથી કુટુંબ પરિવાર વચ્ચે પારિવારીક સંગઠન થાય, ખર્ચ ઓછા આવે, નાના વૈષ્ણવ પરિવાર પણ મનોરથમાં જોડાય લાભ લઈ શકે જે વૈષ્ણવાચાર્ય દ્વારા અલૌકિક આયોજનમાં એક જ દિવસમાં અનેક મનોરથ કરાવ્યા હતા. સાથે સર્વોતમ હવેલીના દતાઓના સન્માન કર્યા હતા. સૌથી વધુ અકર્ષણ ઉત્સવ દરમ્યાન વિશિષ્ટ સજાવટ કરી શ્રીમદ ગુસાઈજીના ૨૮ બેઠકજી તેમજ ગીરીરાજજીની ઝાંખી એક જ સ્થળે આયોજન કરી દર્શન કરી ધ્યનતા અનુભવી હતી. સમુહ બ્રહ્મ સંબધ દિક્ષા આપી પુષ્ટી માર્ગીય વૈષ્ણવ ધર્મ તરફ વાળી ધર્મનો લાભ લે તે માટે તે એક ગુરૂપદ પણ સોભાવ્યું છે. એક જ દિવસમાં ૮ હજારથી વધુ વૈષ્ણવોને એક જ સ્થળે એક સાથે પ્રસાદ લેવડાવી રેકર્ડબ્રેક અતિ ભવ્યતીભવ્ય આયોજન કર્યું હતું. સત્સંગ સભામાં અલૌકિક વાણીના લાભ લેવા હજારો વૈષ્ણવો ઉમટી પડતા સમીયાણા ટુંકા પડયા હતા.

# જૂનાગઢ ખાતે કૃષિ મંત્રીની અધ્યક્ષતામાં વિવિધ સમાજ અને ક્ષેત્રના આગેવાનોની બેઠક મળી

## સોરઠની સમસ્યાઓ પ્રશ્નની ચર્ચા કરીને નિરાકરણ લાવવાની ખાતરી આપી, કૃષી ઉધોગને વિકસાવવા ઉપર ભાર મૂક્યો



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૪

જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના કેબિનેટ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ જૂનાગઢ જિલ્લાના પ્રવાસે આવેલા હતા. આ દરમ્યાન તેમણે અહીંના એક ફાર્મ હાઉસ ખાતે સોરઠના દરેક સમાજના આગેવાનો અને દરેક ક્ષેત્રના લોકો સાથે બેઠક યોજી હતી. જૂનાગઢના બાયપાસ સ્થિત ડ્રીમસિટી ખાતે સોરઠ ના જાણીતા સમાજશ્રેષ્ઠી અને સમુહલગ્નના પ્રણેતા હરસુખભાઈ વઘાસિયા અને સમાજસેવક જયંતીભાઈ વઘાસીયા દ્વારા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સમાજસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ સમાજના આગેવાનો પ્રમુખઓ વિવિધ ક્ષેત્રના શ્રેષ્ઠિઓ ઉદ્યોગપતિઓ ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણીઓ અને ઓઈલ મિલરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત આગેવાનો સાથે રાઘવજીભાઈ પટેલે જુદા જુદા પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી. ઈકોઝોન બાબતે રજૂઆત કરતા તે પ્રશ્ન અંગે પણ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીને ઘટતું કરવાની ખાતરી આપી હતી અને સોરઠમાં કૃષિ ક્ષેત્ર ને લગતો ઉદ્યોગ વિકસાવવા ઉપર ઉદ્યોગપતિઓને જણાવ્યું હતું જરૂર પડે તો સરકાર પણ મદદ કરવા તૈયાર હોવાની તેઓએ ખાત્રી આપી હતી. આ તકે સરદાર પટેલ કન્યા છાત્રાલયના પ્રમુખ જે.કે. ઠેસિયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજયભાઈ દોમડીયા કેતનભાઈ ધોણીયા, પુજાલક્ષ્મી ઓઈલ મીલવાળા પોપટભાઈ પટોળીયા, પી.એલ. પટેલ, પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર પોશીયા, બિલ્ડર આગેવાન નરોત્તમભાઈ વઘાસીયા, ચિમનભાઈ વિરાણી, મનુભાઈ વઘાસિયા પ્રમુખ લેવા પટેલ સમાજ ગોધમપુર તેમજ લેઉવા પટેલ સમાજ યુવા સમિતીના આગેવાનો તેમજ અલગ અલગ ગૌશાળાના પ્રતિનીધીઓ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડિનાર તાલુકાના અડવીથી ડોળાસા સુધીના રાજાશાહી વખતના રોડ ઉપરથી તંત્ર દ્વારા દબાણો દૂર કરાયા



(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૨૪

કોડીનાર તાલુકાના ડોળાસાથી અડવી ગામ સુધીનો રાજાશાહી સમયનો રાજ માર્ગ ચાલીસ વર્ષથી બંધ હતો પણ તંત્રએ અરજદારની સાચી રજૂઆત ઉપર તત્કાળ પગલા લઈ આ રસ્તો ખુલ્લો કરાવતા બંને ગામના ખેડૂતો અને લોકોએ આનંદ વિભોર થઈકલેકટર, મામલતદાર સહિત તમામ અધિકારીઓનો આભાર વ્યકત કર્યો છે. અમરેલી ઉપર ગાયકવાડ સરકારનું શાશન હતું ત્યારે ડોળાસા, અડવી, ફાફણીથી કોડીનાર જવાનો રાજ માર્ગ હતો, બાદ દેશ આઝાદ થયો નવા રોડ બન્યા અને આ રસ્તા ઉપર ધીમે ધીમે દબાણ વધતું ગયું અને છેલ્લે પગ કેડી રહી હતી અને આ રોડ ઉપર જમીન ધરાવતા એકસોથી વધુ ખેડૂતો ભારે મુશ્કેલી અનુભવતા હતા. આ બાબતે અડવી ગામના યુવાન ખેડૂત જયેશભાઈ હમીરભાઈ ડોડીયાએ કલેકટરને રૂબરૂ મળી અડવી ડોળાસા રોડ ઉપરનું દબાણ દૂર કરવા વિડિયો, ફોટા સહિત રજૂઆત કરી હતી.જે રજૂઆત ના પગલે તંત્ર દ્વારા તુરત પગલા લઈ દબાણો દૂર કરી આ રોડ ખુલ્લો કરાવતા આ રોડ ઉપર જમીન, વાડી ધરાવતા ખેડૂતો ખૂબ ખુશ થાય છે. આ ખેડૂતોની સરકાર પાસે વધુ એક માંગ છે કે આ રોડ ઉપર પાણીનો વધારે માર હોય નવો સિમેન્ટ રોડ બનાવવા કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

# જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા ભાજપના નવા પ્રમુખ તરીકે જયદીપસિંહ સોલંકીની નિયુક્તિ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ જિલ્લા ભાજપના મંડળ પ્રમુખોની ચૂંટણી પૂર્ણ થઈ છે જ્યારે ભાજપ પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કેશોદ તાલુકા ભાજપના નવા પ્રમુખ તરીકે જયદીપસિંહ સોલંકીની નિયુક્તિ કરવામાં આવી છે. જયદીપસિંહ સોલંકી આ પહેલા પણ કેશોદ તાલુકા પંચાયત પ્રમુખ રહી ચૂક્યા છે. ૧૮એ વરણસાથે રાખી અને કામગીરી કરનાર જયદીપસિંહ સોલંકીને કેશોદ તાલુકા ભાજપની પ્રમુખ તરીકે જાહેર કરાતાં સૌ કોઈમાં ખુશીની લહેર દોડી ગઈ છે. આગામી સમયમાં કેશોદ તાલુકાના વિકાસ માટે કામગીરી કરશે અને સૌ કોઈ લોકોને સાથે રાખી સર્વ સમાજ અને દેશના હિત માટે કામગીરી કરશે તેવું પણ જયદીપસિંહ સોલંકીએ જણાવ્યું હતું.

# એએસીએ ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૪ - સીઝન-૭ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ એડવર્ડટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા આ પાંચ દિવસીય નાઈટ ટુર્નામેન્ટમાં ૯ એજન્સી ટીમો, ૪ મીડિયા ટીમો અને ૨૭ રોમાંચક મેચો જેમાં એક ખાસ મહિલા મેચનો સમાવેશ થયો હતો. આ ટુર્નામેન્ટમાં વિજેતા સ્થાને – ખુશી બ્રિગેડિયર્સ અને રનર-અપ ટીમ, કૌશિક કિંગ્સ રહી હતી.

# માંગરોળમાં સામરડાની ગૌચરની જમીન ખુલ્લી કરવા આવેદન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૪

માંગરોળ તાલુકાના સામરડા ગામમાં ગ્રામ પંચાયતની હદમાં આવેલી ગૌચરની જમીન ખુલ્લી કરાવવા ગ્રામજનોએ મામલતદાર તથા ટીડીઓને આવેદન પાઠવ્યું હતું. પૂર્વ સરપંચ સહિતના ગ્રામજનોએ આવેદનમાં જણાવ્યું હતું કે આ જમીનમાં ઘણા આસામીઓને પોતાના હિત માટે દબાણ કરી કબ્જો કર્યો છે અને વાવેતર કરેલ છે. દોઢેક માસ પહેલા ગ્રા.પં.માં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ તાજેતરમાં ગ્રા.પં.ની બેઠકમાં દિશા માપણી અને જમીન ખુલ્લી કરવા ઠરાવ કરાયો હતો. તેમ છતાં આજદિન સુધી ગૌચરની દબાણ થયેલી જમીન ખુલ્લી થઈ નથી. તાત્કાલિક આ દબાણો દૂર કરવા માંગ કરવામાં આવી છે.



## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કેશવલાલ ભીખુભાઈ ચાવડા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કેશુભાઈ ભીખુભાઈ ચાવડા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.


: સરનામું :

**કેશુભાઈ ભીખુભાઈ ચાવડા**

આદર્શનગર ૧, માધવ એપાર્ટમેન્ટ પાસે, ગરબીચોક, જોષીપરા, જુનાગઢ ૩૬૨૦૦૧

# જગદીશ મહેતાને મહેશગીરીનો પડકાર : ''હું સામી છાતીએ જવાબ આપીશ''

## આવતીકાલે બપોરે ચાર વાગ્યે ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે ખાસ ઉપસ્થિત રહેવા અને મુક્ત સંવાદ કરવાની ચેલેંજ સાથે મહેશગીરીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું




જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ ભૂતનાથ મહાદેવ મંદિર, દત્ત ભગવાન મંદિર તેમજ રાણેશ્વર મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ જગદીશ મહેતાને ખુલ્લી ચેલેન્જ અને પડકાર કરતાં આવતીકાલે બપોરે ચાર કલાકે ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે ઉપસ્થિત રહેવા અને મુક્ત અને સ્વસ્થ સંવાદ કરવાનું આહવાન કર્યું છે અને આ સાથે જ તેઓએ ખુલ્લો લલકાર કરતાં બધા જ પ્રશ્નોના સામી છાતીએ જવાબ આપવાની ચેલેન્જ ફેંકતા સનસનાટી મચી જવા પામી છે.

ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ ગઈકાલે એક વિડીયો જારી કરીને આ વિડીયોના માધ્યમથી લાવારીશ અને લેભાગુ મિડીયા સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરી અને તેઓને આડેહાથ લીધા હતા. તેમજ જારી કરેલા વિડીયોના માધ્યમથી મહેશગીરી બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી હરીગીરી સામેનો વિવાદ ચાલી રહ્યો છે અને આ વિવાદ અંગે મિડીયામાં ખુબ જ ચાલી રહ્યું છે તેમાં સત્ય પણ ચાલી રહ્યું છે અને કેટલાક મિડીયામાં અર્ધસત્ય પણ સતત ચાલી રહ્યું છે જેને લઈને જૂનાગઢ અને ગિરનાર ક્ષેત્ર અંગે લોકોમાં પણ અવઢવ પ્રવર્તી રહી છે. આ દરમ્યાન જાહેર મંચ ઉપર ઉપસ્થિત થઈ અને અગાઉ મેં કેટલીક સ્પષ્ટતા કરી હતી જેમાં મિડીયાના બે ભાગો અંગે જણાવ્યું હતું. એક ખાનદાની મિડીયા છે કે જે કોઈપણ સમાચારની સત્યતા તપાસી અને ત્યારબાદ અહેવાલો મુકે છે જયારે બીજું મિડીયા એ લાવારીશ મિડીયા છે અને આ લાવારીશ મિડીયા પોતાની સસ્તી પ્રસિધ્ધી તેમજ ટીઆરપી વધારવા માટે ગમે તેવા ન્યુઝ સત્યતા જાણ્યા વિના પણ આડેધડ મુકી દેતા હોય છે. ખંડણી કરવી, બ્લેકમેઈલ કરવું, પૈસા પડાવવા જેવી બાબતોમાં આ લાવારીશ મિડીયા અને ભાગેડુ મિડીયાની ભૂમિકા રહેલી છે. આ સાથે જ આજે મારે આ વિડીયોના માધ્યમથી એટલા માટે ઉપસ્થિત થવું પડયું છે કે, લાવારીશ મિડીયા દ્વારા જે ચલાવવામાં આવી રહ્યું છે તેના વિશે મારે સત્ય સૌ સમક્ષ ફરી એકવાર મુકવું છે અને ખાસ કરીને મારે જે નામાંકિત પત્રકાર એવા જગદીશ મહેતાને ખુલ્લુ જાહેર નિમંત્રણ આપવાનું છે કે, આવતીકાલે જૂનાગઢ ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે બપોરના ચાર કલાકે મુક્તમને અને સ્વસ્થ સંવાદ કરવા માટે સત્યનો રણકાર કરવા માટે હું જાહેર આમંત્રણ આપું છું અને છાતી ઠોકીને તમામ પ્રશ્નોના જવાબ આપીશ. એમ જણાવી મહેશગીરી બાપુએ વધુમાં જગદીશ મહેતાને ટકોર કરી હતી કે, તમે મને પુછયા વિના મારા વિશે જણાવ્યું હતું, ત્યારે હું પણ તમને પુછયા વિના કે તમારી મંજુરી વિના આવતીકાલે સ્વસ્થ અને મુક્ત સંવાદના કાર્યક્રમમાં હાજર આપવાનું નિમંત્રણ પાઠવેલ છે અને આ અંગેના જાહેર આમંત્રણના બોર્ડ પણ મુકીશ. તેમજ પત્રકારોની સુરક્ષા માટે પોલીસ પણ તૈનાત કરીશ. તેમ જણાવી આ સાથે જ અન્ય કેટલીક ચેનલો અંગે પણ મહેશગીરી બાપુએ ગંભીર આક્ષેપ કરેલો છે અને તેઓને પણ વિડીયોના માધ્યમથી ખુલ્લી ચેતવણી પણ આપવામાં આવી છે અને સત્ય શું છે તે પારખવા માટે આવતીકાલના સ્વસ્થ મુક્ત સંવાદમાં ખાસ ઉપસ્થિત રહેવા પણ જણાવેલ છે. મહેશગીરી બાપુએ લેભાગુ અને લાવારીશ મિડીયાની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, ગમે તેવા સમાચારો સત્યતા તપાસ્યા વિના આડેધડ મુકવા તે યોગ્ય નથી અને ન્યુઝરૂમમાં બેસીને ગમે તેવું બોલવું અને સિંહ છું તેવું દર્શાવવું હવે ન્યુઝરૂમમાં તો કોઈપણ બની શકે, પરંતુ સિંહ જો તમારી જાતને ગણતા હોય તો ખુલ્લા મેદાનમાં આવવું પડે અને હું તમને મેદાન પુરૂ પાડું છું અને આ સાથે જ જે કોઈના કાઈપણ પ્રશ્ન હોય એ તમામ પ્રશ્નોના હું છાતી ઠોકીને જવાબ આપવાની મારી તૈયારી છે.


એટલા માટે હું આપ સૌને આહવાન કરૂ છું કે, આવતીકાલે જગદીશ મહેતા સહિત ઘણા પત્રકારો અને ચેનલના વરિષ્ઠો જયારે જૂનાગઢ આવી રહ્યા છે ત્યારે જાહેર આમંત્રણ તેઓ સૌને આપુ છું કે, આવતીકાલે બપોરના ચાર કલાકે આપ સૌ ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે આવો અને તમારા જે કોઈ પ્રશ્નો હશે તે અંગે હું જવાબ આપીશ. તેવી ચેલેન્જ આપી છે. આ સાથે જ મહેશગીરી બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, હરીગીરીના વિવાદ જે ચાલી રહ્યો છે અને તે વિવાદમાં આડેધડ જે રીતે લાવારીશ મિડીયા ચલાવી રહ્યું છે તેને લઈને જૂનાગઢ અને ગુજરાતનું નામ દેશભરમાં ખરાબ થઈ રહ્યું છે અને હું તેમ થવા દેવા માંગતો નથી અને એટલા માટે જ સૌને આ વિડીયોના માધ્યમથી આવતીકાલના સ્વસ્થ અને મુક્ત સંવાદમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવું છું અને જૂનાગઢની જાહેર જનતાને પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપું છું. જેથી સત્ય શું છે તે તમામ બાબતો લોકો સમક્ષ પણ આવી જશે અને કોણ સાચું અને કોણ ખોટું તેનો ખુલાસો થઈ શકે. માટે સચના સામના માટે મારા આમંત્રણને લઈને ખાસ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

# ડો.સુભાષ એકેડેમીના વાર્ષિકોત્સવની આવતીકાલે ઉજવણી

## ગઈકાલે ડો.સુભાષ ભવન ખાતે પત્રકાર મિલન યોજાયું











(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા ડો.સુભાષ એકેડેમીના વાર્ષિકોત્સવની આવતીકાલે એટલે કે તા.૨૫ ડીસેમ્બરના રોજ ભવ્યાતીભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણી અંતર્ગત ગઈકાલે ડો.સુભાષ ભવન ખાતે એક પત્રકાર મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ડો.સુભાષ અકેડમી સંસ્થાના વડા અને પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા તેમજ સંસ્થાના સંયોજક શ્રી રાજ ચાવડાએ ડો.સુભાષ અકેડમીના વાર્ષિકોત્સવ ઉજવણી અંગેના કાર્યક્રમની વિસ્તૃત વિગતો આપી હતી તેમજ પત્રકાર મિત્રો સાથે આત્મિય રીતે સંવાદ પણ યોજયો હતો. તેમજ શ્રી બલરામ ચાવડા દ્વારા પ્રાસંગીક ઉદ્બોધન કરાયું હતું . પત્રકાર મિલનનો આ કાર્યક્રમ પારિવારીક મિલનના ગૌરવ સમો બની ગયો હતો.

સેવા સાધના અને સંસ્કારની તપોભૂમિ એવા ગરવા ગિરનારની ગોદમાં આવેલી ઐતિહાસીક નગરીના અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા સ્થાપિત ડો. સુભાષ અકેડમિ, જૂનાગઢ સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ડો. સુભાષ યુનિવર્સિટીના ઉપક્રમે વાર્ષિકોત્સવ ૨૦૨૪ની ઉજવણી તા.૨૫ ડિસેમ્બર બુધવારના રોજ ડો. સુભાષ અકેડમિ ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રથમ બેઠક વરિષ્ઠ પત્રકાર જગદિશ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાશે જેનું ઉદઘાટન અજયભાઈ ઉમટના(વરિષ્ઠ પત્રકાર) વરદ હસ્તે થશે.

જેમાં મુખ્ય મહેમાન તરીકે પત્રકાર રોનકભાઈ પટેલ (એન્કર, એબીપી ન્યુઝ), પ્રવીણભાઈ આહીર(એન્કર, જીએસટીવી ન્યુઝ), હેમંતભાઈ ગેલાણી (એન્કર વી.ટીવી ન્યુઝ) અને ગોપીબેન ઘાંઘર(એન્કર, નિર્ભય ન્યુઝ) ખાસ ઉપસ્થિત રહેશે. આ જ બેઠકમાં આહિરત્નો કાનાભાઈ બાંટવા (તંત્રી આજકાલ દૈનિક), અર્જુનભાઈ ડાંગર (સ્ટેટ એડિટર દિવ્યભાસ્કર સેટેલાઈટ), રજનીભાઈ કાતરીયા (પોપટભાઈ) (સોશ્યલ મિડીયા આશ્રમ, મહુવા) અને વિજયભાઈ જોટવા (ડી.ડી. ભારતી ન્યુઝ) એમણે મેળવેલી સિધ્ધિઓ બદલ સન્માન કરવામાં આવશે. સાથે સાથે અભ્યાસમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સંસ્થાના વિદ્યાર્થીઓનું સન્માન કરી એમનો પણ ગૌરવાન્વિત કરાશે. આ પ્રસંગે રાત્રીની બીજી બેઠકમાં સુભાષ અકેડમિની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિ રંગારંગ કાર્યક્રમ પણ યોજાશે, આ કાર્યક્રમનું ઉદઘાટન સંદેશ ટીવી એન્કર નુપુરભાઈ પટેલ કરશે. આ પ્રસંગે યોજાનાર વિદ્વાનોની વિચાર ગોષ્ઠી અને સુભાષ રંગભવન ઉપરથી રજુ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સૌને ઉપસ્થિત રહેવા સંસ્થાના વડા અને પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા અને સંસ્થાના સંયોજક રાજ ચાવડાએ સૌને ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

દરમ્યાન ગઈકાલે યોજાયેલા પત્રકાર મિલન સમારોહમાં સંસ્થાના વડા શ્રી જવાહરભાઈ ચાવડા તેમજ સંસ્થાના સંયોજક શ્રી રાજ ચાવડા તેમજ શ્રી વાટલીયા સાહેબ ઉપરાંત ટેકનીકલ કોલેજના શ્રી દિપક પટેલ, શ્રી બલરામ ચાવડા, ઈતિહાસવિદ્ પ્રદ્યુમન ખાચર તેમજ ડો.સુભાષ અકેડમી સંલગ્ન વિવિધ સંસ્થાનો પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર મિલન સમારંભના અંતે ભોજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

(તસ્વીર : રામભાઈ કડછા)


# જૂનાગઢમાં તા.૧ જાન્યુઆરીથી ભીનો તથા સુકો કચરો અલગ આપવામાં નહીં આવે તો મનપા દંડ ફટકારશે

## મહાનગરપાલિકાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશ દ્વારા એક પત્રકાર પરિષદ યોજી અને પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા અપીલ કરાઈ












(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા આગામી તા.૧-૧-૨૦૨૫થી શહેરીજનો દ્વારા બ્લુ કલરની ડસ્ટબીનમાં સુકો અને લીલા કલરની ડસ્ટબીનમાં ભીના કચરાને અલગ-અલગ રાખવા અને ડોર ટુ ડોરના વાહનમાં આપવા તથા ૧૨૦ માઈક્રોનથી નીચેનું પ્રતિબંધીત પ્લાસ્ટીક ઉપયોગ, સંગ્રહ અને વેચાણ ન અને શહેરીજનોને અપીલ કરવામાં આવી હતી. મનપાના કમિશ્નર ડો.ઓમ પ્રકાશ દ્વારા ગઈકાલે તા.૨૩-૧૨-૨૦૨૪ના રોજ બપોરે ૪:૦૦ કલાકે કમીટી રૂમ ખાતે પ્રેસ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયા મીત્રોની કોન્ફરન્સ યોજી કચરાનો કચરાના પ્રકાર મુજબ યોગ્ય રીતે સ્થળ પરજ ભીના તથા સુકા કચરા મુજબ નિકાલ થાય તે હેતુ જૂનાગઢ શહેર હદ વિસ્તારની જાહેર જનતા, ધાર્મીક સ્થાનો, હોટલ, રેસ્ટોરન્ટ, વાડી, પાર્ટી પ્લોટ તથા અન્ય જગ્યાઓના હાઉસ ટેકસ નોંધણી ધરાવતા તમામ આશામીને મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા ભીના કચરાના સંગ્રહ માટે લીલી કચરા ટોપલી તથા સુકા કચરાના સંગ્રહ માટે બ્લુ (વાદળી) ડસ્ટબીન વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ છે. બાકીના મીલ્કત ધારકોને વિતરણની કામગીરી ચાલુ છે. તા.૧-૧-૨૦૨૫થી આ ડસ્ટબીનનો શહેરીજનો ઉપયોગ કરે અલગ અલગ રીતે કચરાનો સંગ્રહ કરે અને તે મુજબ અલગ અલગ રીતે ડોર ટુ ડોર કચરા કલેકશન કરતા વાહનને આપવાનો રહેશે જો આમ વારંવાર ન કરવામાં આવેતો તેમનો કચરો સ્વીકારવામાં નહિ આવે અને હેલ્થ બાયલોઝના પેટા કાયદા નં.૭ થી ૧૫ કચરાના બીન વિભાજન સબબ એકમો મુજબ ચાર્જ વસુલ કરવામાં આવશે જેથી તમામ શહેરી જનોએ કચરાને અલગ અલગ સંગ્રહ અને અલગ અલગ નિકાલ કરવા અપીલ કરવામાં આવી હતી. સરકાર દ્વારા પ્રતિબંધ કરવામાં આવેલ ૧૨૦ માઈક્રોનથી નીચેનું પ્લાસ્ટીક/ કેરીબેગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તેથી તેનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ અને ઉત્પાદન ન કરવું જો અમારા ચેકીંગ દરમ્યાન આ પ્રકારની પ્રવૃતી કરતા મળી આવશે તો ગુના મુજબ દંડનીય કાર્યવાહિ કરવામાં આવશે તેમજ શહેરી જનોએ વિસ્તારોમાં પશુના દાન, પુણ્ય માટે વિસ્તારમાં રાખવામાં આવેલ પાણી/ એઠવાડની કુંડીઓ તેમજ ધાસચારા માટેની પ્રવૃતીના કારણે પશુનો ત્રાસ રહેતો હોવાથી આ પ્રકારની પ્રવૃતી બંધ કરી અને મહાનગર પાલિકા, જૂનાગઢને રખડતા પશુ નિયંત્રની કામગીરીમાં સહયોગ આપવા જણાવેલ હતું. આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં મહાનગર પાલિકા, જૂનાગઢ ભાગ લઈ રહ્યું છે.

માટે શહેરીજનોએ શહેર, મહોલ્લા સ્વચ્છ રાખવા, ૧૨૦ માઈક્રોનથી નીચેનું પ્લાસ્ટી ઉપયોગ / વેચાણ ન કરવા, સુકા અને ભીના કચરાને અલગ અલગ સંગ્રહ કરવા અને અલગ અલગ રીતે નિકાલ કરી શહેરને સ્વચ્છ રાખવા અને સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં જૂનાગઢ શહેરને સ્વચ્છ શહેર નં.-૧ બનાવવામાં સહયોગી બનવા શહેરી જનોને અપીલ કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં સંતોષ જ્યોત જવેલર્સ નામની દુકાનમાં ચોરી

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં છાંયા બજારમાં આવેલ સંતોષ જ્યોત જવેલર્સ નામની દુકાને ગઈકાલે બે અજાણી મહિલાઓ દ્વારા ચોરીનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે એ-ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના સેજના ઓટા પાસે હીંગળાજ ફળીયામાં રહેતા રાજેશભાઈ વલ્લભભાઈ ગેડીયા જાતે વાણીયા સોની (ઉ.વ.૫૪)એ બે અજાણી મહિલાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામની બે અજાણી મહિલાઓએ ફરિયાદીની સંતોષ જયોત જવેલર્સ નામની દુકાનેથી વીંટી નંગ-૧૦ તથા તુટેલ ચાંદીનો ચેન નંગ-૧ તથા ઈમીટેશન ધાતુના નંગ-૧૦ જે તમામની કુલ કિંમત રૂા.૬૬૦૦ ની કિંમતની વસ્તુની ચોરી કરવાના ઈરાદે દુકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અને ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ-ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વોકિંગ કલબ જૂનાગઢ દ્વારા જૂનાગઢથી માધવપુર સુધીની સાયકલોથોન યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

મહાનગર જૂનાગઢની જાણીતી વોકિંગ ક્લબ દ્વારા ગત તારીખ ૨૨-૧૨-૨૪ રવિવારના રોજ જૂનાગઢ પોલીસની 'નો સે ટુ ડ્રગ્સ'ની ઉમદા ચળવળને ટેકો આપવાના હેતુથી જૂનાગઢ થી માધવપુર (વાયા ગડુ, ચોરવાડ)ની એક સાયકલોથોનનું આયોજન કરવામાં આવેલ હતું. સમાજ ક્ષેત્રની પોતાની જવાબદારીને નિભાવવાના શુભ હેતુસર જૂનાગઢ પોલીસ તથા પોલીસવડા હર્ષદ મહેતાના આગવા અભિયાનને સમજી સમાજમાં સારો સંદેશો જાય, યુવા ધનને આ મહા બદીમાંથી બચાવી સમાજ દેશના યુવા ધનને બચાવવા માટે આ ૧૨૫ કિલોમીટરની સાયકલોથનમાં આશરે ૨૦૦ જેટલા સાયકલીસ્ટ જોડાયા હતા. ઈશ્વર કૃપાથી બધા સાયકલીસ્ટ દ્વારા આ યાત્રા નિર્વિઘ્ન સફળતાપૂર્વક પુરી કરવામાં આવી હતી. ફક્ત જૂનાગઢ જ નહિ પણ રાજકોટ, અમદાવાદ, જામનગર, બરોડા વગેરે શહેરોમાંથી પણ સાયકલીસ્ટોએ ભાગ લીધો હતો. સમગ્ર સાઈકલથોનના રૂટ દરમિયાન જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખૂબ જ સારી ટ્રાફિક વ્યવસ્થા ગોઠવી સાયકલીસ્ટને ખૂબ જ સારી સગવડતા પૂરી પાડી હતી તેમજ જિલ્લા પોલીસવડા હર્ષદ મહેતા વહેલી સવારથી યાત્રાની શરૂઆતથી અંત સુધી સમગ્ર સાયક્લોથોનમા હાજર રહ્યા હતા. આ ઉપરાંત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પણ ખાસ ઉપસ્થિત રહયા હતાં. રૂટ દરમ્યાન માંગરોળ શહેરના ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા 'સે નો ટુ ડ્રગ્સ'ના હેતુથી શાળાના ભુલકાઓ માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ હતું. સાયકલોથોનમાં સામેલ એક અગ્રણી સાઈકલસ્ટોનું જૂથ તથા જિલ્લા પોલીસ વડાએ ત્યાંની મુલાકાત પણ લીધેલ અને આશરે ૯૫૦ જેટલા ભૂલકાઓને પ્રેરણાત્મક માર્ગદર્શન પણ આપેલ. જૂનાગઢ વોકિંગ કલબ દ્વારા ભૂલકાઓને પ્રોત્સાહન રૂપે રૂપિયા ૧૧,૦૦૦ જેટલો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો. મહાનગર જૂનાગઢના અગ્રણી ડોક્ટરો,વકીલો, અધિકારીઓ, ઉદ્યોગપતિઓ વેપારીઓ વગેરે જેવા નગર શ્રેષ્ઠીઓ સામાજિક ક્ષેત્રે ડ્રગ્સની બદી સામે જાગૃતતા કેળવાય તેવા શુભ આશયથી આ સાયકલોથનમા જોડાયા હતા. સમગ્ર રૂટ દરમ્યાન વોકિંગ કલબના સભ્ય દ્વારા સાઈકલિસ્ટોને કોઈ મુશ્કેલી ન પડે તેમજ તેમના નિયત વિરામ સ્થળો ઉપર ચા પાણી, નાસ્તો, લીંબુપાણી, ફ્રુટ્સ વગેરેની સુંદર વ્યવસ્થા જે તે વિસ્તારના સ્થાનિક લોકોની મદદથી ગોઠવવામાં આવી હતી. આ સાયકલોથોનને સફળ બનાવવા માટે મુખ્ય પ્રયોજક એવી કે જે હોસ્પિટલ તથા સહપ્રયોજક ન્યૂ લાઈફ કેર હોસ્પિટલ, સ્પર્શ હોસ્પિટલ, સેન્ટ્રલ ઓર્થોકેર, આનંદ હોસ્પિટલ અમદાવાદ,સાકાર સ્કીન હોસ્પિટલ, સ્મિત ઈન્ટરનેશનલ એગ્રી બ્રોકર્સ તથા વેલ્યુ સોલ્યુશનનો સિંહફાળો રહ્યો હતો. સમગ્ર સાઈકલોથોનને સફળ બનાવવા માટે વોકિંગ કલબના ડોક્ટર કે.પી. ગઢવી, ડોક્ટર રક્ષિત પીપલીયા, ડોક્ટર સુનિલ લુણાગરિયા, કલ્પેશભાઈ હિંડોચા, સફી દલાલ સહિતના દરેક સભ્યોએ જહેમત ઉઠાવી હતી.





